**સુવિચાર**

આક્રમણ કરવાવાળા શત્રુથી ન ડોર પણ જે તમારી ખુશામત કરે છે તેવા મિત્રથી ડરો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




દિપક સોસાયટીમાં જૈન દેરાસર પાસે ચાલુ રીક્ષાએ હાર્ટએટેક આવતા ચાલકનું ઘટના સ્થળે મોત P-4


Year-16, Issue-211 ■ DATE : 19-12-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# આજે 'સર'-૨૦૨૬ની ડ્રાફ્ટ મતદારી યાદી જાહેર થશે




## મતદાર ૧૮ જાન્યુઆરી સુધી એક મહિનાના સમયમાં વાંધો રજૂ કરી શકશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતમાં હાલ ખાસ મતદાર સુધારણા યાદીની કામગીરી ચાલી રહી છે. રાજ્યમાં મતદારોની ગણતરીની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થયા બાદ આજે ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવશે. ડ્રાફ્ટ મતદાર યાદીમાં કોઈ મતદારનું નામ ન હોય અને તેની સામે વાંધો રજૂ કરવાનો હોય તો મતદાર ૧૮મી જાન્યુઆરી સુધી એક મહિનાના સમયમાં વાંધો રજૂ કરી શકશે.

આજે બપોર સુધીમાં ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર થયા બાદ મતદારો ઓનલાઈન પોતાના નામની ચકાસણી કરી શકશે. ૫ સ્ટેપમાં નામની ચકાસણી થઈ શકશે. જો ડ્રાફ્ટ યાદીમાં તમારું નામ નથી તો ચિંતા કરવાની જરુર નથી. નામ નહીં હોય તેની સામે કારણ પણ આપેલું હશે. જે કારણને લઈ તમે ૧૮મી જાન્યુઆરી સુધી વાંધા અરજી કરી શકશો.

મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ થવાના દિવસે રાજ્ય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીની અધ્યક્ષતામાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાશે. સાથે જ તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા પોતાના જિલ્લામાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને મુસદ્દા મતદારયાદીની હાર્ડકોપી અને સોફ્ટકોપી આપવામાં આવશે.

ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ તમામ મતદાન મથકો પર બુથ લેવલ ઓફિસર્સ અને બુથ લેવલ એજન્ટોની બેઠક પૂર્ણ કરવામાં આવી છે અને તેમને ASD એટલે કે ગેરહાજર, સ્થળાંતરિત તથા મૃત મતદારોની યાદી પણ સુપરત કરાઈ છે.

ચૂંટણી તંત્ર દ્વારા સમગ્ર પ્રક્રિયા દરમિયાન માન્ય રાજકીય પક્ષો સાથે સતત સંવાદ રાખીને તેમના પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું છે. આ હકારાત્મક અને પારદર્શક પ્રક્રિયા બાદ હવે આજે મુસદ્દા મતદારયાદી જાહેર થવા જઈ રહી છે. મુસદ્દા યાદી પ્રસિદ્ધ થયા પછી આજે ૧૯ ડિસેમ્બર ૨૦૨૫થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ સુધી મતદારયાદી સંબંધિત વાંધા અને દાવાઓ રજૂ કરી શકાશે.

મતદારો પોતાનું નામ મુસદ્દા મતદારયાદીમાં છે કે નહીં તે ચકાસવા માટે CEO ગુજરાતની વેબસાઈટ, વોટર પોર્ટલ voters.eci.gov.in, ECINET એપ, પોતાના વિસ્તારના BLO પાસેથી અથવા જિલ્લા ચૂંટણી અધિકારી, ERO તથા AERO કચેરીમાંથી માહિતી મેળવી શકશે.

ચૂંટણી તંત્રએ તમામ પાત્ર મતદારોને અપીલ કરી છે કે તેઓ સમયમર્યાદામાં પોતાની વિગતો ચોક્કસ રીતે ચકાસી લે અને જરૂરી હોય તો સુધારાની કાર્યવાહી કરે, જેથી લોકશાહીના આ મહત્ત્વના દસ્તાવેજમાં કોઈ પાત્ર મતદાર રહી ન જાય અને કોઈ અપાત્ર મતદાર સામેલ ન થાય.

**Petrol & Diesel Rate**

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૪/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૪/લીટર |
| CNG | રૂ. ૭૯.૨૬/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૪,૯૦૦ | ₹૨,૧૧,૧૦૦ |
| | +૧૦ | +૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૦૧ | ₹૧૨૦.૪૧ |

## નવા વર્ષથી બેંકના ગ્રાહકોને ઝટકો: અનેક સેવાના ચાર્જ વધશે

### આઈસીઆઈસીઆઈ બેંકે વિવિધ ચાર્જમાં વધારો અને અમુક સેવા બંધ કરવાનો નિર્ણય લીધો: અન્ય બેંકો પણ અનુસરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવા કેલેન્ડરવર્ષમાં બેંક ગ્રાહકોને ઝટકો લાગવાના એંધાણ છે. બેંકો વિવિધ સેવાના ચાર્જ વધારવા તથા અમુક સર્વિસ મર્યાદીત કરે તેવા સંકેત છે. બેંકોએ ચાલુ વર્ષે અનેક સેવાઓના ચાર્જમાં વધારો કરવાની સાથોસાથ એટીએમ, ક્રેડીટકાર્ડ, ચેક બુકના નિયમોમાં પણ ફેરફાર કર્યો હતો. હવે નવા વર્ષે ફરી વખત ગ્રાહકોને કામ આપવાની તૈયારી કરવામાં આવી છે.



આઈસીઆઈસીઆઈ બેંક અનેક સેવાઓના ચાર્જ વધારશે. ગત જાન્યુઆરી ૨૦૨૬થી ક્રેડીટ કાર્ડ મારફત ગેમીંગ પ્લેટફોર્મમાં થતા ટ્રાન્ઝેકશન પર બે ટકાનો ચાર્જ લાગશે. આ જ રીતે એમેઝોન, પેટીએમ જેવા થર્ડ પાટી વોલેટએપમાં ૫૦૦૦થી વધુ રકમ મોકલવા પર એક ટકા ચાર્જ લાગશે.

આજ રીતે બેંકમાં રૂબરૂ જઈને ક્રેડીટકાર્ડના બિલના નાણા જમા કરાવવામાં આવે તો ૧૫૦ રૂપિયાનો ચાર્જ લાગશે જે અત્યાર સુધી રૂા.૧૦૦ છે. ઈન્સ્ટન્ટ પ્લેટીનમ કાર્ડ પર બુક માય શો મારફત અપાતા ફિલ્મના લાભ ૧ જાન્યુઆરીથી બંધ થશે. ઉપરાંત અન્ય શ્રેણીના કાર્ડ પર ફિલ્મ ઓફરોના લાભ શરતી બનાવવામાં આવ્યા છે.

મફત ફિલ્મનો લાભ મેળવવા માટે આગલા ત્રિમાસિક ગાળામાં ઓછામાં ઓછો ૨૫૦૦૦નો ખર્ચ અનિવાર્ય રહેશે. રૂબીકસ અને સૈફિરો જેવા ક્રેડીટકાર્ડ પર દર મહિને ઓછામાં ઓછો ૨૦૦૦૦નો ખર્ચ થાય તો જ રિવોર્ડ પોઈન્ટ મળશે. પ્લેટીનમ તથા કોરલ શ્રેણીના કાર્ડમાં ટ્રાન્સપોર્ટ ખર્ચની માસિક મર્યાદા ૧૦૦૦૦ કરવામાં આવી છે.

એરટેલ પેમેન્ટ બેંકે ૧લી જાન્યુઆરીથી વોલેટ પર વાર્ષિક ૭૫ રૂપિયાનો ચાર્જ લેવાનું શરુ કર્યુ છે. મોબાઈલ પર ડીઝીટલ મોડમાં પૈસા રાખવા માટે ભારતમાં સૌપ્રથમ ૨૦૦૪માં ઓકસીજન વોલેટ આવ્યુ હતું પરંતુ આ ક્ષેત્રમાં વાસ્તવિક બદલાવ ૨૦૧૦માં પેટીએમના આગમન સાથે શરુ થયો હતો.

ત્યારબાદ તમામ કંપનીઓ વોલેટ એપ મારફત ડીઝીટલ લેવડદેવડની સુવિધા આપવા લાગી હતી. પ્રારંભીક ગાળામાં તમામ સર્વિસ મફતમાં આપવામાં આવતી હતી. પરંતુ ૨૦૨૧થી ચાર્જ લેવાનું શરુ થયુ હતું.

હવે મોબાઈલ વોલેટ કંપનીઓથી માંડીને બેંકો જુદા જુદા ચાર્જમાં વધારો કરીને ગ્રાહકોને ઝટકા આપી રહી છે. અન્ય બેંકો પણ આવતા દિવસોમાં ચાર્જ વધારો જાહેર કરે તેવી શકયતા છે.

## સંયુક્ત આરબ અમિરાત જળબંબાકાર: અબુધાબી - શારજાહમાં હાલત ખરાબ

### દુબઈમાં ૧ ભારતીયનુ મોત: માર્ગથી માંડીને વિમાની સેવા અસ્તવ્યસ્ત

**મુખ્ય સમાચાર, દુબઈ**

અખાતના દેશોમાં વરસાદે કહેર સર્જયો છે. સાઉદી અરેબિયા બાદ સંયુક્ત આરબ અમિરાત જળબંબાકાર બન્યુ છે. ભારે વરસાદને પગલે વાહનથી માંડીને વિમાની સેવા અસ્તવ્યસ્ત બની હતી. એક ભારતીયનુ મૃત્યુ પણ નિપજયુ હતું. લોકોને કામ વિના બહાર નહીં નિકળવાની ચેતવણી આપવામાં આવી હતી. સમગ્ર સંયુક્ત આરબ અમિરાતમાં ભારે વરસાદને કારણે જળબંબાકારની હાલત સર્જાઈ હતી. એમિરેટસ તથા ફલાઈ અબુધાબી જેવી એરલાઈન્સોએ અનેક ફલાઈટ રદ કરી નાખી હતી અથવા સમય બદલાવ્યો હતો. ખાનગી કંપનીઓને કામકાજ મર્યાદીત કરવા સુચવ્યુ છે. અબુધાબીએ તમામ જાહેર-સામાજીક કાર્યક્રમો રદ કરી નાખ્યા હતા. ભારે વરસાદ વચ્ચે દિવાલ તૂટી પડતા સલમાન ફરિઝ નામના ૨૭ વર્ષિય ભારતીય યુવકનું મોત નિપજયુ હતું.


યુએઈ હવામાન વિભાગ દ્વારા દેશભરમાં ઝંઝાવાતી પવન સાથે તોફાની વરસાદ થવાની અને દરિયો ગાંડોતૂર રહેવાની ચેતવણી આપવામાં આવી છે. સ્કુલોને કોઈ રમતગમતના કાર્યક્રમો નહીં કરવા કહેવામાં આવ્યુ છે. વરસાદને કારણે વાહનોને ૧૦૦ કીમીથી વધુની રફતારની નહીં ચલાવવાની સૂચના આપવામાં આવી છે. અબુધાબીમાં સતાવાળાઓ દ્વારા તમામ પાર્ક અને બીચ પણ સુરક્ષા કારણોસર બંધ કરી દેવામાં આવ્યો છે. હજુ વરસાદનો દોર જારી રહેવાની શકયતાને પગલે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યુ છે.

## 'એપસ્ટિન ફાઈલ્સ'માં બિલ ગેટ્સના મહિલા સાથે ફોટો જાહેર થતા હોબાળો

### ફાઈલ્સના ફોટામાં મહિલાના શરીરના વિવિધ ભાગો પર 'લોલિતા' નવલકથાના અંશો લખેલા જોવા મળે છે: ડેમોક્રેટસે એપસ્ટિન ફાઈલ્સની વધુ ૬૮ તસ્વીરો જાહેર કરી








**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

સગીર વયની યુવતીઓના સેકસ ટ્રાફિકીંગના કેસમાં જેલમાં ૨૦૧૮માં મૃત્યુ પામેલા અમેરિકાના બદનામ કરોડપતિ જેફ્રી એપસ્ટિનની ભવ્ય જીવનશૈલી અને હાઈપ્રોફાઈલ વ્યકિતઓ સાથેના સંબંધોએ વિશ્વભરમાં ચર્ચા જગાવી છે.

ત્યારે જેફ્રી એપસ્ટિનની ફાઈલમાંથી હવે ઓવરસાઈટ કમીટીના સભ્યોએ ગુરૂવારે ફાઈલમાંથી મેળવેલી વધુ ૬૮ તસ્વીરો જાહેર થતા ખળભળાટ મચ્યો છે. જોકે પુરી ફાઈલ આજે જાહેર થઈ શકે છે. આ ફાઈલની એક તસ્વીરમાં વિશ્વના ધનવાન બિલ ગેટ્સ એક મહિલા સાથે દેખાતા હોબાળો મચ્યો છે.

અમેરિકન કોંગ્રેસ દ્વારા પસાર થયેલા નવા કાયદા હેઠળ 'ન્યાય વિભાગ'ને જેફ્રી એપસ્ટિનની તપાસ સંબંધિત હજારો દસ્તાવેજો જાહેર કરવાની ફરજ પાડવામાં આવી છે, જે હવે તબક્કાવાર જાહેર કરાઈ રહ્યા છે. ૨૦૧૯માં જેલમાં મૃત્યુ પામેલા આ બદનામ કરોડપતિ પર સગીર વયની યુવતીઓના સેક્સ ટ્રાફિકિંગના આરોપ હતા.

જેફ્રીની ભવ્ય જીવનશૈલી અને હાઈ-પ્રોફાઈલ વ્યક્તિઓ સાથેના સંબંધોએ આ કેસને વિશ્વભરમાં ચર્ચાનો વિષય બનાવ્યો છે. ત્યારે હવે હાઉસ ઓવરસાઈટ કમિટીના ડેમોક્રેટ્સે ગુરૂવારે જેફ્રી એપસ્ટિનની ફાઈલમાંથી મેળવેલી ૬૮ તસવીરો જાહેર કરી છે.

આ નવી તસવીરો સામે આવતા જ ખળભળાટ મચી ગયો છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા એપસ્ટિનની ફાઈલોનો મોટો જથ્થો જાહેર કરવાની સમયસીમાના એક દિવસ પહેલા આ પગલું લેવામાં આવ્યું છે. જોકે, સંપૂર્ણ ફાઈલ હજુ આજે (૧૯ ડિસેમ્બર) જાહેર કરવામાં આવશે.

ડેમોક્રેટ્સે જણાવ્યું કે આ તસવીરો ગયા અઠવાડિયે સમિતિને મળેલા ૯૫,૦૦૦ તસવીરોના સંગ્રહમાંથી લેવામાં આવી છે. આ રિલીઝ તસવીરોમાં વ્યક્તિના શરીર પર લખેલી ''લોલિતા'' નવલકથાની પંક્તિઓ, વિવિધ મુસાફરીના દસ્તાવેજો, રશિયાની ૧૮ વર્ષની યુવતી વિશેના ટેક્સ્ટ મેસેજના સ્ક્રીનશોટ અને ઘણું બધું સામેલ છે. આ ફોટા ઓનલાઈન એક્સેસ કરી શકાય છે.

ડેમોક્રેટ્સે ગયા અઠવાડિયે પણ ડઝનબંધ ફોટા જાહેર કર્યા હતા, જેમાં રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ, પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લિન્ટન, વુડી એલન, બિલ ગેટ્સ અને અન્ય હાઈ-પ્રોફાઈલ હસ્તીઓ જોવા મળી હતી. જોકે, આ ફોટામાં દેખાતા કોઈપણ વ્યક્તિનો એપસ્ટિનના ગુનાઓમાં સીધો સંબંધ હોવાનું બહાર આવ્યું નથી.

રિપબ્લિકન અને વ્હાઈટ હાઉસે ડેમોક્રેટ્સ પર રાષ્ટ્રપ્રમુખને શરમાવવા અને ''ખોટી નેરેટિવ'' ઉભી કરવા માટે પસંદગીના ફોટા જાહેર કરવાનો આરોપ લગાવ્યો છે.

જાહેર કરાયેલી કેટલીક તસવીરમાં જાણીતિ નવલકથા ''લોલિતા''ના અંશો કોઈ મહિલાના શરીરના વિવિધ ભાગો પર લખેલા જોવા મળે છે.

એક તસવીરમાં બિલ ગેટ્સ અજાણી મહિલા સાથે જોવા મળી રહ્યા છે, જેમાં મહિલાનો ચહેરો છુપાવવામાં આવ્યો છે. આ અગાઉ જાહેર થયેલી એક તસવીરમાં પણ મહિલા સાથે બિલ ગેટ્સ જોવા મળ્યા હતા. જોકે, આ તસવીરો કયા ઉદ્દેશ્યથી ખેંચવામાં આવી હતી તે અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી.

એક તસવીરમાં એપસ્ટિન પ્રખ્યાત ભાષાશાસ્ત્રી નોમ ચોમ્સ્કી સાથે પ્લેનમાં જોવા મળી રહ્યો છે.

## અભિનેત્રી શિલ્પા શેટ્ટીના જુહુ સ્થિત ઘરે ઈન્કમટેક્સના દરોડા

બોલીવુડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી મુશ્કેલીમાં ફસાઇ છે. આજે આવકવેરા વિભાગની એક ટીમે શિલ્પાના મુંબઈમાં જુહુ સ્થિત ઘરે દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી બેંગ્લોરમાં તેની પ્રખ્યાત હોટેલ ''બેસ્ટિયન ગાર્ડન સિટી'' સંબંધિત કેસના સંદર્ભમાં કરવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ટીમો ફક્ત મુંબઈમાં જ નહીં પરંતુ બેંગલુરુમાં પણ હોટલના સ્થળો પર દરોડા પાડી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હોટલના નાણાકીય વ્યવહારોમાં કથિત નાણાકીય અનિયમિતતાઓ અને કરચોરીની ફરિયાદો બાદ દરોડા પાડવામાં આવ્યા હતા. શિલ્પા શેટ્ટીએ ૨૦૧૯ માં બેસ્ટિયન હોસ્પિટાલિટીમાં ૫૦% હિસ્સો ખરીદ્યો હતો. આ કંપની ઉદ્યોગપતિ રણજીત બિન્દ્રાની માલિકીની છે.

આવકવેરા વિભાગ બેસ્ટિયન પબના નાણાકીય રેકોર્ડ અને ખાતાઓની બારીકાઈથી તપાસ કરી રહ્યું છે. બુધવાર, ૧૭ ડિસેમ્બરના રોજ, આવકવેરા વિભાગે કર્ણાટકમાં શિલ્પા શેટ્ટીના બેસ્ટિયન રેસ્ટોરન્ટ પર દરોડા પાડ્યા હતા. હવે, તેના મુંબઈના ઘરે દરોડા પાડવામાં આવ્યા છે. શિલ્પા, અભિનેત્રી હોવા ઉપરાંત, એક સફળ ઉદ્યોગપતિ પણ છે. તેણી મુંબઈ, ગોવા, બેંગલુરુ અને અન્ય સ્થળોએ એક લોકપ્રિય રેસ્ટોરન્ટ ચેઈન બાસ્ટિયનની માલિક છે.

## આજે બાર એસો.ની ચૂંટણીમાં સમરસ અને આરબીએ પેનલ વચ્ચે કાંટે કી ટક્કર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી માટે મતદાન આજે સવારે ૯ વાગ્યાથી શરૂ થઇ ચૂક્યું છે તેમાં ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલ વર્સિસ આરબીએ પેનલ વચ્ચે કાંટે કી ટક્કર થનાર છે. ૧૬ પદ માટે કુલ ૪૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે અને ૪૨૦૦ જેટલા મતદારો છે જે આજની ચૂંટણીના ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા આજે બપોરે ૩ વાગ્યા સુધી ચાલુ રહેશે અને ૪ વાગ્યા બાદ મતગણતરી શરૂ થશે જે મોડી રાત સુધી ચાલશે.

રાજકોટના જામનગર રોડ પર આવેલ કોર્ટ બિલ્ડિંગમાં આજે બાર એસોસિએશનની ચૂંટણી માટે મતદાન સવારે ૯ વાગ્યાથી શરૂ થઇ ચૂક્યું છે જે બપોરે ૩ વાગ્યા સુધી ચાલુ રહેનાર છે. આજની આ ચૂંટણીમાં ભાજપ વર્સીસ ભાજપ એટલે ભાજપ લીગલ સેલ પ્રેરિત બન્ને પેનલો આમને- સામને ટકરાશે જેમાં એકબાજુ ભાજપ લીગલ સેલ પ્રેરિત



સુરેશભાઈ ફળદુની સમરસ પેનલ મેદાનમાં ઉતરી છે તો બીજીબાજુ બીસીઆઇના સભ્ય દિલીપ પટેલના સમર્થનવાળી આરબીએ પેનલ મેદાનમાં ઉતરી છે. સવારે ૯ વાગ્યાથી બપોરે ૩ વાગ્યા સુધી મતદાન થશે અને ત્યારબાદ બપોરે ૪ વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે જે મોડી રાત સુધી ચાલશે. આ ચૂંટણીમાં પ્રમુખપદ માટે ૪, ઉપપ્રમુખ પદ માટે ૨, સેક્રેટરી પદ માટે ૪, જોઈન્ટ સેક્રેટરીમાં ૩, ટ્રેઝરર (મહિલા અનામત)માં ૨ અને લાઈબ્રેરી સેક્રેટરીમાં ૪ ઉમેદવાર છે. જ્યારે કારોબારીમાં મહિલા અનામતમાં ૮ અને જનરલ કેટેગરીમાં ૧૫ ઉમેદવાર મેદાનમાં છે.

રાજકોટ બાર એસોસીએશનની ચૂંટણીમાં RBA પેનલના ઉમેદવારમાં પ્રમુખ ઉમેદવાર તરીકે સુમિત વોરા, ઉપપ્રમુખ તરીકે બિમલ જાની, સેક્રેટરી તરીકે નિલેશ પટેલ, જો.સેક્રેટરી તરીકે જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરર તરીકે પ્રગતિ માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી તરીકે કેતન મંડ અને કારોબારી સભ્ય (સામાન્ય) તરીકે સંજય ડાંગર, સ્તવન મહેતા, ભાર્ગવ પંડ્યા, વિજય રૈયાણી, અશ્વિન રામાણી, હસમુખ સાગઠીયા, કલ્પેશ સાકરીયા જયારે કારોબારી સભ્ય (મહિલા અનામત) તરીકે નિશાબેન લુણાગરીયા, મિનલબેન સોનપાલ, અને રક્ષાબેન ઉપાધ્યાય ઉમેદવારી નોંધાવી છે.

બીજી બાજુ સમરસ પેનલના ઉમેદવામાં પ્રમુખ તરીકે સુરેશ ફળદુ, ઉપપ્રમુખ તરીકે સિધ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી તરીકે મેહુલ મેહતા, જોઈન્ટ સેક્રેટરી તરીકે સંદિપ વેકરીયા, ટ્રેઝરર તરીકે રેખાબેન લીંબાસીયા, લાઈબ્રેરી સેક્રેટરી તરીકે સાગર હપાણી, કારોબારી સભ્ય (સામાન્ય) તરીકે અમિત વેકરીયા, કશ્યપ ઠાકર, દિપ વ્યાસ, જતીન

## ટ્રેનની જેમ બસમાં પણ નાસ્તો અપાશે

### પાઈલોટ પ્રોજેકટની શરૂઆત અમદાવાદથી થશે: નિગમનો મહત્વપૂર્ણ નિર્ણય

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યમાં સતત પ્રગતિની રાહ ઉપર ચાલી રહેલા એસ.ટી. નિગમે વધુ એક મહત્વપૂર્ણ અને મુસાફરલક્ષી નિર્ણય કર્યો છે. જેમાં રેલવેની જેમ હવે એસ.ટી.ની બસોમાં મુસાફરોને ડિમાન્ડ મુજબ પેકેજડ ફૂડ પીરસવામાં આવશે. એસ.ટી.ના ઈતિહાસમાં સૌપ્રથમવાર આવો નિર્ણય લેવાયો છે.

આ પાયલોટ પ્રોજેકટની શરૂઆત હાલ અમદાવાદથી થશે બાદમાં ક્રમશઃ રાજયભરમાં લાગુ થશે. આ અંગેની એસ.ટી. નિગમનાં સતાવાર સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ નિગમ કક્ષાએથી મુસાફર જનતાની સુખ સુવિધામાં વધારો થાય અને તે ઉચ્ચ ગુણવતાથી સારો નાસ્તો-આહાર મળે તેમજ આ સેવાનો મુસાફર જનતા દ્વારા વધુને વધુ લાભ લે, સાથોસાથ નિગમના પ્રતિષ્ઠામાં વધારો થાય તે માટે નિગમ દ્વારા જે પ્રમાણે રેલ્વે વિભાગમાં રનીંગ ટ્રેનમાં જમવાનું-નાસ્તો પ્રોવાઇડ કરવામાં આવે છે




તે જ પ્રમાણે નિગમની એકસપ્રેસ બસોમાં સંચાલિત રૂટમાં પેસેન્જરોને ચાલુ બસે પેકડ ફૂડ મળી રહે સાથે સાથે નિગમની નોન ટ્રાફિક આવકમાં વધારો થાય તે હેતુથી નવીન પ્રોજેકટ ON DEMAND PACKED FOOD ON BUSને પ્રાયોગિક ધોરણે ઈમ્પ્લીમેન્ટ કરી એજન્સી નિમણુંક કરવા એકસપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટથી ટેન્ડર નિવિદા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

આ નવીન પ્રોજેકટને હાલ પુરતા પ્રાયોગિક ધોરણે ફકત અમદાવાદ સીટી માટે જ એકસપ્રેસ ઓફ ઈન્ટરેસ્ટથી અલગ અલગ એજન્સીઓ પાસેથી ઓનલાઇન ભાવો મંગાવવામાં આવેલ છે. હાલ પુરતા પ્રાયોગિક ધોરણે અમદાવાદના પાલડી, સી.ટી.એમ. કૃષ્ણનગર, નરોડા પાટીયા, નહેરૂનગર, રાણીપ, નારોલ ક્રોસ રોડ, સરખેજ, ઓઠવ ક્રોસ રોડ, અડાલજ, જશોદાનગર કંટ્રોલ પોઈન્ટ/પિકઅપ સ્ટેન્ડ ડીલીવરી આપવામાં આવશે.

મુસાફરે ઓનલાઇન ફૂડ ઓર્ડર (ફૂડ ઓન બસ) મેળવવા માટે નિગમની ઓનલાઇન OPRS (Online Passenger Reservation System) સિસ્ટમ પર બસ ટીકીટની સાથે ફૂડ પણ અગાઉથી બુકીંગ કરી શકે છે.

મુસાફરી શરૂ થયા બાદ જે સ્થળે ફૂડ મેળવવાનું હોય તે સ્થળ પહોંચવાના ૩ કલાક પહેલા ઓર્ડર કરવાનો રહેશે. મુસાફર ઓનલાઇન એડવાન્સમાં ફૂડ બુકીંગ કરી શકે, મુસાફરી દરમ્યાન પણ ફૂડ ઓનલાઇન બુકીંગ કરી શકશે.

# ધુંવાવ કન્યા શાળા ખાતે 'ટીબી મુક્ત ભારત' અભિયાન અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ટીબી મુક્ત ભારતના આહ્વાનને સાકાર કરવા અને આ ઘાતક રોગ વિશે જનજાગૃતિ લાવવાના હેતુથી શ્રી ધુંવાવ કન્યા શાળા ખાતે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં શાળાની ૧૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓને ટીબી રોગના ફેલાવા, તેના લક્ષણો અને સરકાર દ્વારા મળતી વિનામૂલ્યે સારવાર વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.ટીબી એ હવા દ્વારા ફેલાતો જંતુજન્ય રોગ છે, જેના લક્ષણોમાં બે અઠવાડિયાથી વધુ ખાંસી, ગળફામાં લોહી આવવું, વજન ઘટવું અને સાંજના સમયે ઝીણો તાવ આવવો વગેરેનો સમાવેશ થાય છે. આવા લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાને નિદાન કરાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો.સરકાર દ્વારા ટીબીના દર્દીઓને પોષણ સહાય તરીકે નિ-ક્ષય પોષણ યોજના (NPY) હેઠળ હવે દર મહિને રૂ.૫૦૦ ને બદલે રૂ. ૧,૦૦૦ ની સહાય આપવામાં આવે છે, જે સમગ્ર સારવાર દરમિયાન કુલ રૂ. ૬,૦૦૦ સુધી મળવાપાત્ર રહે છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. નુપુર પ્રસાદ અને જિલ્લા ક્ષય અધિકારી ડૉ.પંકજકુમારના માર્ગદર્શન હેઠળ જિલ્લા પી.પી.એમ કોર્ડીનેટર ચિરાગ પરમાર અને ટીબી સુપરવાઈઝર વિમલ નકુમ દ્વારા વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.આ તકે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા અને હોમિયોપેથી ડૉક્ટર ભીમણી દેવેન્દ્રભાઈએ પણ પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીનીઓને માહિતગાર કરી હતી.ટીબીની સારવાર લાંબો સમય ચાલતી હોવાથી દર્દીને આર્થિક સહાયની સાથે માનસિક પીઠબળ મળી રહે તે અત્યંત અનિવાર્ય છે. આ સેવાકાર્યમાં સહભાગી થવા માટે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ હસમુખભાઈ કણજારીયા, શાળાના શિક્ષકો નયનાબેન નકુમ, ઈલાબેન શાપરીયા, વિશાલ ઝાલા તેમજ ડૉ. ભીમણી દેવેન્દ્રભાઈ અને ગામના આગેવાન રતિલાલ જાદવ 'માય ભારત વોલેન્ટિયર' તરીકે નિ-ક્ષય મિત્ર માં જોડાયા હતા. આ તમામ મહાનુભાવોએ ટીબીના દર્દીઓને સામાજિક અને માનસિક ટેકો આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી જનભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# ઉનાના ભેભા ગામે પ્રાથમિક શાળાનું રૂ.૧ કરોડના ખર્ચે નવનિર્માણ થયેલ તેનો લોકાર્પણ કરતા કેબિનેટ મંત્રી પ્રધુમનભાઈ વાજા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના ભેભા ગામે રૂ.૧ કરોડના ખર્ચે નવનિર્માણ થયેલ ભેભા પ્રાથમિક શાળાના ઓરડાઓ નું લોકાર્પણ કોડીનારના માનનીય ધારાસભ્ય તથા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજા તેમજ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ભેભા પ્રાથમિક શાળાનું કેબિનેટ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજા અને ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના હસ્તે રીબીન કાપી પ્રાથમિક શાળા ને ખુલ્લી મૂકવામાં આવી હતી. પ્રાથમિક શાળાનું લોકાર્પણ થવાથી શાળાના શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. આ લોકાર્પણ સમારોહ કાર્યક્રમમાં જૂનાગઢ જીલ્લાના પૂર્વ સાંસદ દીનુભાઈ સોલંકી, કોડીનાર નગરપાલિકા ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી,ઉના તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, મોટા ડેસર જીલ્લા પંચાયતના સદસ્ય રૂડાભાઈ શિંગોડ, ઉના તાલુકા પૂર્વ ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, સામતભાઈ ચારણીયા, તાલુકા પંચાયતના સદસ્ય બીજલભાઈ બાંભણીયા, શિક્ષણ વિભાગના અધિકારીઓ, આગેવાનઓ, ગ્રામજનો, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# જામનગરમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. નાગેશ્વર વિસ્તારમાં એક મકાન અને રીક્ષામાંથી કુલ ૮.૬૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.પોલીસે ૬૦૦ બોટલ વિદેશી દારૂ, ૨૮૮ બીયર ટીન અને એક રીક્ષા કબજે કરી છે. જપ્ત કરાયેલા દારૂની કિંમત ૭,૨૪,૮૦૦ રૂપિયા, બીયર ટીનની કિંમત ૬૩,૬૦૦ રૂપિયા અને રીક્ષાની કિંમત ૭૫,૦૦૦ રૂપિયા આંકવામાં આવી છે.

આરોપી મુરતુજા ઉર્ફે લાડુ ઓસમાણભાઈ રાઠોડના કબ્જાના મકાનમાંથી આ જથ્થો મળી આવ્યો હતો. જોકે, રેડ દરમિયાન આરોપી હાજર ન હોવાથી તેને પકડવા માટે કાર્યવાહી ચાલુ છે.જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક પ્રતિભાની સૂચનાથી એલસીબી. પીઈ.વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. પીએસઈ. સી.એમ. કાંટેલીયા, પીએસઈ. પી.એન. મોરી અને એલસીબી. સ્ટાફના ભયપાલસિંહ જાડેજા, સુમિતભાઈ શિયાર, અજયભાઈ વીરડા, કિશોરભાઈ પરમાર અને ભરતભાઈ ડાંગર સહિતના સ્ટાફે આ કામગીરી કરી હતી.

# મોરબીમાં પાર્ક કરેલ મોટર સાયકલ ચોરીની ચાર માસ પૂર્વે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં સાતમ આઠમના મેળા અન્વયે શહેરના સામાકાંઠા વિસ્તારમાં મહેન્દ્રનગર ચોકડી નજીક હોમ ડેકોર ગ્રાઉન્ડમાં લાગેલ મેળામાં આવેલ યુવકે પોતાનું સ્પ્લેન્ડર પ્લસ બાઇક મેળાના ગ્રાઉન્ડમાં પાર્ક કર્યું હતું જ્યાંથી કોઈ અજાણ્યા વાહન ચોર ઇસમે મોટર સાયકલ ચોરી કરી લઈ ગયા હોવા અંગે યુવકે પ્રથમ ઈ-એફઆઈઆર બાદ બી ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો મુજબ, મોરબી-૨ લક્ષ્મીનારાયણ સોસાયટી સરસ્વતી હિલ્સ ફ્લેટ નં.૩૦૨ માં રહેતા દીપેનભાઈ રમેશભાઈ વડાલીયા ઉવ.૩૩ એ અજાણ્યા વાહન ચોર ઈસમ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, સાતમ આઠમના તહેવાર નિમિતે સામાકાંઠા વિસ્તારમાં મહેન્દ્રનગર ચોકડી નજીક હોમ ડેકોર ગ્રાઉન્ડમાં લાગેલ મેળામાં ગત તા.૧૨/૦૮ના રોજ રાત્રિબ ૮ વાગ્યે ફરિયાદી પોતાનું સ્પ્લેન્ડર પ્લસ બાઇક રજી.નં. જીજે-૦૩-એચડી-૧૩૦૨ લઈને ગયા હતા. ત્યારે તેઓએ મેળાના ગ્રાઉન્ડમાં પોતાનું બાઇક પાર્ક કર્યું હતું. જે બાદ આશરે ૧૦ વાગ્યાની આસપાસ ફરિયાદી દીપેનભાઈ ઘરે પરત જવા જ્યાં બાઇક પાર્ક કર્યું તે સ્થળે ગયા, ત્યાં પાર્ક કરેલ બાઇક જોવા ન મળતા, બાઇકની શોધખોળ કરી હતી અંગે કોઈ સગડ ન મળતા નિયમ અનુસાર દીપેનભાઈએ પ્રથમ ઇ-એફઆઈઆર બાદ હાલમાં બી ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાતા, પોલીસે અજાણ્યા વાહન ચોર આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# ઉનાના રામેશ્વર ગામે મેઘવાળ સમાજની મીટીંગ મળતા સદસ્યોની વરણી કરાઈ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ઉના તાલુકાના રામેશ્વર ગામે આજે મીટીંગ નુંઆયોજન કરવામાં આવ્યું સમાજને અનુલક્ષીને સમાજના આગેવાનો એકત્ર થયા હતા અને નવુંમંત્રી મંડળ રચાયું જેમાં મેઘવાળ સમાજના આગેવાનો દ્વારા પ્રમુખ ઉપ પ્રમુખ ખજાનચી અને અન્ય મુદ્દાઓ આપવામાં આવ્યા જેમાં પ્રમુખવિંઝુડા બધાભાઈ વાઘા ભાઈ ગામ ચાચકવડ (૨) ઉપપ્રમુખગોહિલ હિતેશ ભાઈ જસાભાઈ ગામ વાવરડા (૩) મહામંત્રીસરવૈયા દાનાભાઈ જશા ભાઇગામ મેણ (૪) ખજાનશી જોગદીયા રમેશભાઈ ગોવિંદભાઈ ગામ સોંદરડી (૫)સંગઠન મંત્રી સોંદરવા ભીખાભાઈ નારણભાઈ ગામ મોઠા જ્યારે મેઘવાળ સમાજે સર્વ અનુમતે વરણી કરેલ છેસમાજે જે જવાબદારી સોંપી છે તેને નિષ્ઠા પૂર્વક અને નીડરતા થી નિભાવીશું તેવી ખાતરી આપી.

# જામનગર મનપાને વિકાસકામો માટે રૂ.૮૫ કરોડ ફાળવાયા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના વિવિધ વિકાસકાર્યો માટે મુખ્યમંત્રીના હસ્તે આપવામાં આવેલા ગ્રાન્ટનો ચેક જામનગર મહાનગરપાલીકાને રૂા.૮૫ કરોડનો ચેક આપવામાં આવ્યો હતો. જેમાં કમીશનર સહિતના મહાપાલિકાના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.જામનગર સહિત આઠેય મહાનગરપાલિકાના વિકાસના કામો ગ્રાન્ટના ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ઔડા ઓડીટોરીયમ હોલ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના હસ્તે આઠેય મહાપાલીકાઓ વચ્ચે રૂા.૨૮૦૦ કરોડની રકમના અલગ-અલગ ચેક અર્પણ સમારોહ યોજવામાં આવ્યો છે જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ અને રાજયમંત્રી દર્શનાબેન વાઘેલા આ કાર્યક્રમમાં હાજર રહેશે.જામનગર મહાપાલીકાને સરકાર દ્વારા અંદાજે રૂ.૮૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. જામનગર મહાનગરપાલિકા આ કાર્યક્રમમાં જામનગરથી મેયર વિનોદ ખીમસુરીયા, મહાનગરપાલિકાના કમીશ્નર ડી.એન.મોદી હાજર રહ્યા હતા.

# મોરબીના ટીંબડી ગામ નજીક વાહન અકસ્માતમાં ૨૯ વર્ષીય યુવકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ટીંબડી ગામ નજીક માળીયા-મોરબી હાઇવે પર અજાણ્યા વાહનની ઠોકરે બાઈક ચાલકને ગંભીર ઈજા થતાં તેનું કરૂણ મોત નિપજ્યું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી તપાસ શરૂ કરી છે.

મોરબી તાલુકાના ટીંબડી ગામની સીમમાં માળીયા-મોરબી હાઇવે રોડ ઉપર ભારત બેન્ઝના શોરૂમ નજીક ગત તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજ રાત્રિના સમયે ગંભીર વાહન અકસ્માત સર્જાયો હતો. મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં રહેતા પરેશકુમાર માણસુરભાઇ હેરમા ઉવ.૨૯ બાઈક ઉપર પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ટક્કર મારતા તેઓને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ યુવકને ગંભીર હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ઈજાઓ ગંભીર હોવાથી તેમનું મોત નિપજ્યું હતું. બનાવ અંગે મોરબી સરકારી હોસ્પિટલના ફરજ ઉપર હાજર તબીબ દ્વારા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. હાલ પોલીસે અ.મોત દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# જામનગરની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારનાર શખ્સને વીસ વર્ષની કેદ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરની એક સગીરા સાથે ઈન્સ્ટાગ્રામમાં પરિચય થયા પછી એક શખ્સે પ્રેમજાળમાં ફસાવી લઈ લગ્નની લાલચ આપી તેણીનું અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યાની બે વર્ષ પહેલા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી હતી. તે કેસ ચાલી જતા અદાલતે આરોપીને ૨૦ વર્ષની સખત કેદ ફટકારી છે અને ભોગ બનનાર સગીરાને રૂ. ચાર લાખનું વળતર અપાવ્યું છે.જામનગરના એક વિસ્તારમાં વસવાટ કરતા મયુર પ્રફુલભાઈ ફટાણીયા નામના શખ્સે વર્ષ ૨૦૨૩માં ઈન્સ્ટાગ્રામમાં જામનગરની જ એક સગીરા સાથે પરિચય થયા પછી અવારનવાર મેસેજ તથા મોબાઈલ પર વાત કરી પ્રેમસંબંધમાં ફસાવી હતી. આ સગીરાને લગ્નની લાલચ આપી મયુર ફટાણીયા પોતાની સાથે નસાડી ગયો હતો. આ શખ્સે તેણી પર દુષ્કર્મ ગુજાર્યાની ગઈ તા. ૨૧-૧૦-૨૩ના દિને પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસે પોકસો એક્ટ તથા આઈપીસીની કલમ હેઠળ ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.ઉપરોક્ત કેસ જામનગરની ખાસ પોકસો અદાલતમાં ચાલી જતા અદાલતે સરકાર પક્ષ તરફથી રજૂ થયેલા ૩૮ દસ્તાવેજી પૂરાવા અને દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી મયુર પ્રફુલભાઈ ફટાણીયાને તકસીરવાન ઠરાવી વીસ વર્ષની સખત કેદની સજા અને દંડ ફટકાર્યો છે. ભોગ બનનાર સગીરાને રૂ. ચાર લાખ વળતર પેટે ચૂકવવામાં આવશે. સરકાર તરફથી ડીજીપી જમન ભંડેરી રોકાયા હતા.

# મોરબીમાં નવનિર્મિત ચેરીટી ભવનનું કાયદા રાજયમંત્રી વેકરીયાના હસ્તે લોકાર્પણ

## મોરબી જીલ્લાના તમામ ટ્રસ્ટને ૧૦૦ - ૧૦૦ વૃક્ષો વાવવા અનુરોધ કરતા મંત્રી કૌશિક વેકરિયા





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રૂ. ૨.૪૭ કરોડના ખર્ચ જાહેર ટ્રસ્ટની નોંધણી કચેરીના નવનિર્મિત ચેરીટી ભવનનું ગુજરાતના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતો રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ લોકાર્પણ પ્રસંગે શ્રમ અને રોજગાર તથા કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા તથા મોરબી પ્રભારી અને ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગા પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે, સરકારના જન સુખાકારીના વિઝન સાથે આ ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે, ત્યારે અહીં કામથી આવતી દરેક વ્યક્તિ હસતા ચહેરે પાછી જાય એ પ્રકારની કામગીરી કરવામાં આવે તો સાચા અર્થમાં સરકારનો લોક કલ્યાણનો અભિગમ સાર્થક થઈ શકશે. ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર ગણાતા મોરબી જીલ્લામાં ૪.૫ હજારથી વધુ ટ્રસ્ટ આવેલા છે જે ખરેખર ગર્વની વાત છે, ત્યારે આ તમામ ટ્રસ્ટ ૧૦૦ - ૧૦૦ વૃક્ષ વાવે અને તેનું જતન કરે તેવો તેમણે અનુરોધ પણ કર્યો હતો. મંત્રી કાંતિલાલ અમૃતિયાએ મોરબી જીલ્લાના વિવિધ ટ્રસ્ટ અને તેમની કામગીરી વિશે છણાવટ કરી હતી. તેમના પાંજરાપોળ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં જ મોરબીમાં ૧૦ હજાર વૃક્ષો વાવવામાં આવ્યા છે તેની પણ વાત કરી હતી. તેમણે મોરબીના તમામ ટ્રસ્ટ નિષ્ઠાવાન બની કામગીરી કરે તેવો અનુરોધ કર્યો હતો. પ્રાસંગિક ઉદબોધન આપતા પ્રભારી મંત્રી ત્રિકમ છાંગાએ જણાવ્યું હતું કે, સરકારની કલ્યાણ રાજની ભાવનાને હેતુસભર બનાવવામાં સ્વૈચ્છિક સંસ્થાઓ માટેનું આ ભવન મહત્વનું બની રહેશે અને મોરબીની સુખાકારીમાં વધારો થશે.

આ પ્રસંગે નવા ટ્રસ્ટને ટ્રસ્ટ નોંધણી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉદઘાટન પ્રસંગે સંતો મહંતોએ ઉપસ્થિત રહી આશીર્વચન આપ્યા હતા. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી, ધારાસભ્ય સર્વ દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી, પ્રકાશભાઈ વરમોરા, મેગજીભાઈ ચાવડા, કાયદા સચિવ ઉપેન્દ્ર ભટ્ટ, મોરબી જીલ્લા કલેકટર કે.બી. ઝવેરી, અમદાવાદ સંયુક્ત ચેરિટી કમિશ્નર યોગીની સિમ્પી, રાજકોટ સંયુક્ત ચેરિટી કમિશ્નર ચિરાગ જોશી, મોરબી મદદનીશ ચેરિટી કમિશ્નર પૃથ્વીરાજસિંહ જાડેજા, જીલ્લાના પદાધિકારીઓ, બાર એસોસિએશનના પ્રમુખ સહિતના પદાધિકારીઓ તથા વિવિધ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી પોલીટેકનીક, રાજકોટ ખાતે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો આરંભ

## આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સની આવશ્યકતા અને ઉપયોગીતા અંગે માર્ગદર્શન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરકારી પોલીટેકનીક, રાજકોટ ખાતે તાજેતરમાં 'Data Driven Decision Making & Al for Excellence' વિષય અંગે પાંચ દિવસીય (અઠવાડિક) ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનો ઉદઘાટન કાર્યક્રમ યોજાયો હતો.

આ ઉદઘાટન સમારોહમાં સંસ્થાના આચાર્ય ડો. એ. એસ. પંડયાએ શિક્ષણ ક્ષેત્રમાં આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ (A.I.)ની આવશ્યકતા, પ્રાધ્યાપકોની ભૂમિકા અને શૈક્ષણિક ગુણવતા વધારવા માટે A.I.ના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ અવસરે મુખ્ય અતિથિ આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ પોલીસ (A.C.P.), રાજકોટ શહેર જાદવે ટેકનોલોજી, શિસ્ત અને જ્ઞાનના સંયોજન થકી શિક્ષણ ક્ષેત્રમાં નવી દિશાઓ સર્જવા તેમજ પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓને સતત શીખતા રહેવા પ્રોત્સાહિત કર્યા હતાં. આ કાર્યક્રમના સ્પોન્સર TOPS Technologyના પ્રતિનિધિએ ઉદ્બોધનમાં આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ અને આધુનિક ટેકનોલોજીના માધ્યમથી એકેડમિક એક્સેલન્સ પ્રાપ્ત કરવા માટેના અભિગમથી સૌને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમના અંતે પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરએ ઉપસ્થિતોને A.I. આધારિત શિક્ષણ પદ્ધતિઓ અપનાવવી, એ ઉપયોગી સાબિત થશે અને શૈક્ષણિક ગુણવતામાં વધારો લાવશે, તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# મોરબીમાં ઓનલાઇન એજન્સી મેળવવાની લાલચમાં યુવક સાથે રૂ. ૩.૬૮ લાખની સાયબર ઠગાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં રહેતા યુવકને બિરલા કલર કંપનીની એજન્સી આપવાની લોભામણી લાલચ આપી આરોપીઓએ અલગ-અલગ બેંક ખાતામાં રકમ ટ્રાન્સફર કરાવી કુલ રૂ. ૩.૬૮ લાખની ઠગાઈ કરી હતી. બનાવ અંગે મોરબી સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સાયબર ક્રાઈમ અન્વયે આરોપીઓ વિરુદ્ધ આઈટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

મોરબી શહેરના ગાયત્રીનગર, વાવડી રોડ ખાતે રહેતા હર્ષદભાઈ રતીલાલભાઈ કંઝારીયા ઉવ.૩૩ વાળા ઓનલાઇન બિરલા કલર કંપનીની એજન્સી મેળવવાની લાલચમાં સાયબર ઠગાઈનો ભોગ બન્યા છે. જે મામલે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદ મુજબ, ફરિયાદી હર્ષદભાઈએ તા. ૦૧/૦૯/૨૦૨૫ના રોજ બિરલા ઓપસ કલરની એજન્સી લેવા માટે ગૂગલમાં સર્ચ કરતા ''DEALER CONNECT BIRLA OPUS'' નામની વેબસાઈટ મળી હતી. જેમાં એજન્સી માટે ઓનલાઈન અરજી કર્યા બાદ તા. ૨૫/૦૯/૨૦૨૫ના રોજ HELP@BIRLAOPUSDEALERSHIP.COM પરથી ઈ-મેઈલ આવ્યો હતો. બાદમાં આરોપીઓએ પોતે બિરલા કંપનીમાંથી બોલતા હોવાનું કહી દસ્તાવેજો મંગાવી એજન્સી મંજૂર થયાનું જણાવ્યું હતું. આરોપીઓએ અલગ-અલગ સમયે ઈન્ડિયન ઓવરસીસ બેંક તથા પંજાબ નેશનલ બેંકના ખાતામાં એજન્સી ફી, ડિપોઝિટ તથા જી.એસ.ટી. પેમેન્ટના બહાને રકમ ટ્રાન્સફર કરાવી હતી. જેમાં રૂ. ૨૮,૫૦૦/-, રૂ. ૧,૫૦,૦૦૦/-, રૂ. ૯૯,૯૯૯/- તથા રૂ. ૮૯,૯૯૯/- મળી કુલ રૂ. ૩,૬૮,૫૦૦/-ની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવવામાં આવી હતી. પૈસા ભર્યા બાદ પણ કોઈ એજન્સી કે માલ ન મળતા અને વધુ રકમની માંગ થતાં ફરિયાદીને ઠગાઈ થયાની શંકા ગઈ હતી. બાદમાં સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરી ઓનલાઈન અરજી નોંધાવી હતી. જે બાદ સમગ્ર મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી મોબાઈલ નંબર ધારકો તથા બેંક એકાઉન્ટ ધારકો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી ખાતે GMDCની ગ્રાહક સંવાદ બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**




તા. ૧૮ના રોજ ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)ના હેડ ઓફિસ માર્કેટિંગ અને સેલ્સ વિભાગ દ્વારા મોરબીના સીરામીમ એસોસિએશન હોલ ખાતે ગ્રાહક સંવાદ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન સિરામિક તેમજ પેપર ઉદ્યોગના પ્રતિનિધિઓ અને જીએમડીસી ટીમ વચ્ચે સકારાત્મક અને રચનાત્મક ચર્ચા યોજાઈ હતી.

આ અવસરે નીરજ પટેલ તથા ડી. કે. પટેલ દ્વારા જીએમડીસીની ભવિષ્યની દ્રષ્ટિ અને વ્યૂહરચના અંગે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ યોજાયેલ પ્રશ્નોત્તરી સત્રમાં ઉદ્યોગ પ્રતિનિધિઓના પ્રશ્નોને સ્પષ્ટતા અને ગંભીરતા સાથે નિવારવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે સિરામિક એસોસિયેશન, પેપર ઉદ્યોગના પ્રતિનિધિઓ તથા મોરબીના તમામ ગ્રાહકોના સહકાર બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# રાજ્યમંત્રી વેકરિયાએ પીજીવીસીએલ-જેટકોના પ્રશ્ને પદાધિકારીઓ અને ઉદ્યોગકારો સાથે બેઠક યોજી

## શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા તથા મોરબી પ્રભારી અને ઉચ્ચ, તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાની પ્રેરક ઉપસ્થિતિ



**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાતના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, વૈધાનિક અને સંસદીય બાબતો રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ મોરબી જીલ્લા કલેક્ટર કચેરી ખાતે પીજીવીસીએલ, જેટકો તથા ગુજરાત ગેસના વિવિધ પ્રશ્નો બાબતે ધારાસભ્યો, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખો તથા જીલ્લાના વિવિધ ઔદ્યોગિક એસોસિએશન સાથે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં શ્રમ, રોજગાર તથા કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયા અને મોરબી પ્રભારી તથા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમ છાંગા ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં મંત્રીએ વિવિધ પ્રશ્નોએ પીજીવીસીએલ, જેટકો તથા ગુજરાત ગેસના અધિકારીઓને તાત્કાલિક પગલાં લેવા સૂચના આપી હતી. તેમણે કોઈપણ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થાય અને સરકારના નાણાનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે પ્રકારની કામગીરી કરવા જણાવ્યું હતું. કોઈ એજન્સી/કોન્ટ્રાક્ટર સમય મર્યાદામાં કામગીરી ન કરે તો તેની સામે તાત્કાલિક પગલાં ભરવા અને બ્લેકલિસ્ટ કરવા તાકીદ કરી હતી. વધુમાં તેમણે ડિવિઝન અને સબ ડિવિઝનનું ભૌગોલિક વિસ્તાર મુજબ વિભાજન કરવા માટે યોગ્ય આયોજન હાથ ધરવા પણ અધિકારીઓને સૂચના આપી હતી. પ્રભારી મંત્રી ત્રિકમ છાંગાએ અધિકારીઓને વહીવટી કે ટેકનિકલ કામગીરીમાં કોઈપણ ક્ષતિઓ હોય તો તે તાત્કાલિક નિવારવા તથા લોકો પ્રત્યે હંમેશા સંવેદનશીલ અભિગમ દાખવી કામગીરી કરવા સૂચન કર્યું હતું. મંત્રી કાંતિલાલ અમૃતિયાએ પણ જણાવ્યું હતું કે, આ બેઠક દરમિયાન રજૂ કરવામાં આવેલા પ્રશ્નો બાબતે શક્ય તેટલી ઝડપે કામગીરી હાથ ધરી તેનું નિરાકરણ કરવામાં આવશે. આ બેઠકમાં જીલ્લાના પદાધિકારીઓ તથા વિવિધ ઔદ્યોગિક એસોસિએશન્સ દ્વારા પીજીવીસીએલ, જેટકો તેમજ ગુજરાત ગેસ સંબંધિત પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.

આ બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી, ટંકારા ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, વાંકાનેર ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, હળવદ ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, મોરબી જીલ્લા કલેકટર કે.બી. ઝવેરી, પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર કેતન જોશી, જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, મોરબી પીજીવીસીએલ વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર ડી.આર.ઘાડીઆ, જેટકો તથા ગુજરાત ગેસના અધિકારીઓ કર્મચારીઓ, વિવિધ ઔદ્યોગિક એસોસિએશનના પ્રમુખો અને ઉદ્યોગકારો તથા જીલ્લાના અન્ય પદાધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# વેસ્ટર્ન રેલ્વે યુનિયનના પ્રતિનિધિની સુપુત્રીના લગ્ન પ્રસંગે આશીર્વાદ આપતા મહાનુભાવો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વેસ્ટર્ન રેલવે યુનિયનના પ્રતિનિધિ રાજેશભાઈની સુપુત્રી ડો. કૃપાલીના શુભ લગ્ન તાજેતરમાં ધૃવિલ સાથે યોજાયા હતા આ પ્રસંગે અંજલિબેન રૂપાણી નીતિનભાઈ ભારદ્વાજ સંસદ પરસોત્તમભાઈ રૂપાલા સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા

# પોલીસ કમિશનરની અધ્યક્ષતામાં નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ

## ગાંજા અને ડ્રગ્સના વેચાણકર્તાઓ વિરુદ્ધ કડક કામગીરી કરવા સૂચના



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાની અધ્યક્ષતામાં રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનરશ્રીએ રાજકોટ પોલીસ વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા ગાંજાના ઉપયોગ, વેચાણ તથા વાવેતર સંબંધિત કેસોના વધતા પ્રમાણની ઘટનાને લાલ બત્તી સમાન ગણાવી હતી. આ સંદર્ભે તેમણે ગાંજો તેમજ ડ્રગ્સનું વેચાણ અને સેવનનું પ્રમાણ વધી રહ્યું હોવાનું જણાવી પોલીસ તેમજ અન્ય સહયોગી સંસ્થાઓને આ સ્થિતિને ગંભીરતાપૂર્ક લેવા અને રેકેટ તોડવા માટે કડક કામગીરી કરવા સૂચના આપી હતી.

બ્રજેશ કુમારે ગાંજા માટે વપરાતા રોલિંગ પેપર પ્રતિબંધ હોવા છતાં તેનું વેચાણ કરતા વ્યક્તિઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા અને સઘન ચેકિંગ ચાલુ રાખવા સૂચના આપી હતી. ખાસ કરીને કોલેજના છાત્રોને ટાર્ગેટ કરવામાં આવતા હોવાથી કોલેજ, યુનિવર્સિટીના સત્તાધીશોને સ્ટ્રીકટ મોનિટરિંગ કરવા પણ કમિશનરશ્રીએ સૂચના આપી હતી.

એન્ટી-ડ્રગ્સ કેમ્પેઇન અંતર્ગત ક્રાઈમ વિભાગના ડી.સી.પી. જગદીશ બાંગરવાએ પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરી અંતર્ગત શાળા, કોલેજમાં કરાયેલા જનજગૃતિ કાર્યક્રમો અંગે માહિતી આપી હતી. એસ.ઓ.જી. અને પોલીસ વિભાગ દ્વારા ગાંજા અને એમ.ડી. ડ્રગ્સના વેચાણ કરતા ૩ કેસમાં ૫ આરોપી વિરુદ્ધ એન.ડી.પી.એસ. ના કેસ, શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તંબાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરુદ્ધ કોપટા એક્ટ હેઠળ ૧૧૭ કેસમાં રૂ. ૨૩,૪૦૦ નો દંડ કરાયાનું જણાવાયું હતું. પી.આઈ.ટી. એન.બી.પી.એસ. હેઠળ ૧૬ પ્રપોઝલ પર કામગીરી કરવામાં આવી હોવાનું બાંગરવાએ જણાવ્યું હતું.

બેઠકમાં તા. ૯ ઓક્ટોબર થી ૯ ડિસેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય આરોગ્ય મિશન દ્વારા ટોબેકો ફ્રી યુથ કેમ્પેઇન, રાજકોટ મહાનગર પાલિકા, વન વિભાગ તેમજ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પેઇન અંગે કરવામાં આવેલી કામગીરીની વિગતો રજુ કરી હતી. આ બેઠકમાં ડી.સી.પી. ઝોન - ૧ હેતલ પટેલ, ઝોન - ૨ શ રાકેશ દેસાઈ, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, એસ.ઓ.જી ના પી.આઈ. એસ.એમ. જાડેજા સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીઓ, કસ્ટમ, સમાજ સુરક્ષા, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક, સિવિલ, મનોચિકિત્સક, રિહેબિલિટેશન, કૃષિ અને વન વિભાગ, તોલમાપ. સાઈન્ટિફિક સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, મહાનગર તેમજ સિવિલના આરોગ્ય અધિકારીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં.

# કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા જન કલ્યાણ અર્થે ઘેલા સોમનાથથી સોમનાથ સુધી ૨૨૯ કિ.મી. પદયાત્રા કરશે

## તા. ૨૦મીથી ઘેલા સોમનાથ ખાતેથી જનકલ્યાણ શિવવંદના પદયાત્રા શરૂ થશે, ૨૭મીએ સોમનાથ મહાદેવને ધ્વજારોહણ સાથે યાત્રાનું સમાપન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાજિક સમરસતા, સાંપ્રદાયિક સમભાવ, નાગરિકોની સુખાકારી, દેશના સર્વાંગી વિકાસ તથા જનકલ્યાણની ભાવના સાથે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ૨૦મી ડિસેમ્બરથી ૨૭ ડિસેમ્બર સુધી ઘેલા સોમનાથથી સોમનાથ મહાદેવ સુધીની જનકલ્યાણ શિવવંદના પદયાત્રાએ નીકળશે. આશરે ૨૨૯ કિ.મી. લાંબી આ પદયાત્રામાં મંત્રી વિવિધ ગામોના નાગરિકો તથા છેવાડાના લોકો સાથે રૂબરૂ સંવાદ સાધશે અને સરકાર તેમની સાથે હોવાની પ્રતીતિ કરાવશે.

મળતી માહિતી મુજબ, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની આગેવાનીમાં તા. ૨૦ ડિસેમ્બરને શનિવારના રોજ સવારે ૭૩૦ વાગ્યે ભગવાન શિવનાં પ્રસિધ્ધ યાત્રાધામ જસદણ નજીકનાં શ્રી ઘેલા સોમનાથથી શિવવંદના પદયાત્રાનો પ્રારંભ થશે. તા. ૨૭ ડિસેમ્બરના રોજ સવારે ભગવાન શ્રી સોમનાથ મંદિરે ધ્વજારોહણ કરીને યાત્રાનું સમાપન થશે.

આ યાત્રાનો ઉદેશ્ય સ્પષ્ટ કરતા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, યાત્રાનો હેતુ સામાજીક અને આધ્યાત્મિક વધુ છે, લોકોનું કલ્યાણ થાય, રાજય-દેશનો સાર્વત્રિક વિકાસ થાય, કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓની માહિ-તી લોકો સુધી પહોંચે, નાગરિકોની સુખાકારી વધે તેમજ સાંપ્રદાયિક સમભાવમાં વૃધ્ધિ થાય તે માટે પ્રાર્થના કરવા આ 'જન કલ્યાણ શિવવંદના પદયાત્રા' નીકળી રહી છે. યાત્રાનાં માર્ગમાં આવતા વિવિધ ધર્મસ્થાનકોએ પ્રાર્થના કરવામાં આવશે. લોકોનું સર્વ પ્રકારે મંગલ થાય તેવા ઉદેશ્યથી આ યાત્રા નીકળી રહી છે.

તેમણે ઉમેર્યુ હતું કે, આ પદયાત્રા દરમ્યાન માર્ગમાં આવતા ગામોમાં ખાટલા બેઠકો, ગ્રુપ મીટીંગોનું આયોજન થશે. જેમાં લોકોપયોગી માહિતીઓ આપવામાં આવશે. ઉપરાંત વ્યસનમુકિત, સાંપ્રદાયિક સમભાવ વગેરે બાબતે જનજાગૃતિના પ્રયાસો કરવામાં આવશે. આ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકડાયરાઓ વગેરે પણ યોજવામાં આવશે.

રાજકોટ, પોરબંદર અને જુનાગઢ એમ ત્રણ લોકસભા મત વિસ્તારોમાંથી પસાર થનારી 'જન કલ્યાણ શિવવંદના પદયાત્રા'માં સાધુ, સંતો, મહંતો, ધારાસભ્યો, જિલ્લા-તાલુકા પંચાયતનાં પદાધિકારીઓ, નગર સેવકો, ભાજપાના જિલ્લા પ્રમુખઓ, સરપંચો, મહાનગરપાલિકાનાં પદાધિકારીઓ સામેલ થવાના છે.

જન કલ્યાણ શિવવંદના પદયાત્રા' માટે નાગરિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યાત્રામાં જોડાવા માટે મોટી સંખ્યામાં યાત્રિકોએ નોંધણી કરાવી છે. માર્ગમાં આવતાં ગામોમાંથી પણ અનેક ગ્રામજનો આ યાત્રામાં સામેલ થવાના છે, યાત્રાનાં સ્વાગત માટે ગામેગામ ઉત્સાહભેર તૈયારીઓ થઈ રહી છે.

# હળવદના શક્તિનગર નજીક કાર અડફેટે પશુ આવતા મુંબઈના યુવકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના શક્તિનગર (સુખપર) પાસે ધ્રાંગધ્રા-માળીયા હાઈવે પર કાર આડે અચાનક પશુ આવી જતા કાર ઝાડ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં મુંબઇ ખાતે રહેતા યુવકનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું, જ્યારે કારમાં બેઠેલા અન્ય એક યુવકને ઇજા પહોંચી હતી.

હળવદ તાલુકાના શક્તિનગર (સુખપર) ગામે આવેલ સી.એન.જી. પંપ નજીક ધ્રાંગધ્રા-માળીયા હાઈવે પર ગત તા. ૨૧/૧૧/૨૦૨૫ના રોજ રાત્રિના સમયે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મુંબઇના થાણે બાગબીલ રોડ ખાતે રહેતા મયુરભાઇ ભાનુશંકર જોષી ઉવ.૩૪ મૂળ વતન મોટી રવ તા.રાપર જી.કચ્છ વાળા પોતાની અલ્ટો-૮૦૦ કાર રજીસ્ટર નં. એમએચ-૦૫-સીવી-૯૭૧૮ પોતે ચલાવી રહ્યા હતા. ત્યારે રોડ ઉપર અચાનક પશુ આવી જતા કાર પરથી કાબૂ ગુમાવતા વાહન રોડની સાઇડમાં ઉતરી જઈ નજીક આવેલ લીમડાના ઝાડ સાથે જોરદાર અથડાઈ હતી. અકસ્માતમાં કારના ચાલક મયુરભાઇને પેટ અને નાકના ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી, જ્યારે તેમની બાજુમાં બેઠેલા જયેશભાઇ શાંતીલાલ રાવલ ઉવ. ૩૨ રહે. સામખીયારી તા.ભચાઉ જી.કચ્છ વાળાને ડાબા પગ તથા ડાબા પડખે ફ્રેક્ચર સહિતની ઇજાઓ થઈ હતી.

બન્ને ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન મયુરભાઇ ભાનુશંકર જોષીનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં નશાકારક ગોગો સ્ટીકના વેચાણ સામે પોલીસ રેઈડમાં બે ઝડપાયા

## મોરબી તાલુકા પોલીસ અને એસઓજી પોલીસની કાર્યવાહી, ગોગો સ્ટીક ૬૫ નંગ અને ૫ નંગ રોલિંગ પેપર જપ્ત




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના નીચી માંડલ તથા હળવદ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે નશાકારક ગોગો સ્ટીક અને રોલિંગ પેપરનું વેચાણ કરતા બે ઇસમોને મોરબી તાલુકા પોલીસ અને એસઓજી પોલીસે અલગ-અલગ રેઇડમાં ઝડપી લીધા હતા. બંને કાર્યવાહી દરમિયાન કુલ ૬૫ નંગ ગોગો સ્ટીક અને ૫ નંગ રોલિંગ પેપરનો મુદ્દામાલ જપ્ત કરી આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાના અનુસંધાને જીલ્લામાં ગેરકાયદેસર નશાકારક પદાર્થોના વેચાણ પર અંકુશ લાવવા માટે સતત કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત મોરબી તાલુકા પોલીસ અને એસઓજી પોલીસે અલગ-અલગ બે સ્થળોએ રેઈડ કરી નશાકારક ગોગો સ્ટીકના વેચાણ કરતા બે ઇસમોને ઝડપી લીધા હતા. મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને મળેલી બાતમીના આધારે મોરબી તાલુકાના નીચી માંડલ ગામની સીમમાં મોરબી-હળવદ રોડ ઉપર શિવ કોમ્પ્લેક્ષમાં આવેલ રાધે પાનની દુકાન પર રેઈડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગેરકાયદેસર રીતે નશાકારક ગોગો સ્ટીકનું વેચાણ કરતો વિપુલભાઇ વનજીભાઈ કૈલા ઉવ.૩૫ રહે. ઉમા રેસીડેન્સી ઘુંટુ રોડ મોરબી વાળા પાસેથી ૩૫ નંગ ગોગો સ્ટીક જપ્ત કરવામાં આવી હતી જેથી તેના વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આ ઉપરાંત મોરબી એસઓજી પોલીસે મળેલી બાતમીના આધારે હળવદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેઈડ કરી નશાકારક ગોગો સ્ટીક તથા રોલિંગ પેપરના ગેરકાયદેસર વેચાણમાં સંકળાયેલા એક ઇસમને ઝડપી લીધો હતો. આ કેસમાં આરોપી નારણભાઈ દેવશીભાઈ હાડગળા ઉવ.૩૫ રહે. મયુરનગર તા. ધ્રાંગધ્રા જી. સુરેન્દ્રનગર વાળા પાસેથી ૩૦ નંગ ગોગો સ્ટીક અને ૫ નંગ રોલિંગ પેપર જપ્ત કરવામાં આવ્યા હતા. આ સાથે એસઓજી ટીમે આરોપી સામે હળવદ પોલીસ સ્ટેશન ખાતે ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો દાખલ કરાવી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના કેલવી પ્લાઝામાંથી ૭૯ વિદેશી દારૂની બોટલ સાથે એક ઝડપાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

આગામી ૩૧ ડિસેમ્બર અન્વયે મોરબી સીટી બી ડિવિઝન પોલીસે મોટી કાર્યવાહી કરી લખધીરપુર રોડ સ્થિત કેલવી પ્લાઝાના ત્રીજા માળે આવેલ બિનવારસી ઓરડીમાંથી રૂ.૨.૫૪ લાખની કિંમતના વિદેશી દારૂની ૭૯ બોટલ સાથે એક આરોપીને ઝડપી લીધો છે.

મોરબીમાં નવા વર્ષના આગમન પૂર્વે ૩૧ ડિસેમ્બરના સંદર્ભે પ્રોહી-જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓને નેસ્તનાબુદ કરવા મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક મુકેશકુમાર પટેલ તથા નાયબ પોલીસ અધિક્ષક પી.એ. ઝાલા દ્વારા કડક સુચનાઓ આપવામાં આવી હતી. આ અનુસંધાને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઇ વી.એન. પરમારના સુપરવિઝન હેઠળ સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મળેલ બાતમીના આધારે મોરબી-લખધીરપુર રોડ પર વૈભવ હોટલ સામે, કોનેલ સિરામિકની બાજુમાં આવેલા કેલવી પ્લાઝાના ત્રીજા માળે આવેલી બીનવારસી ઓરડીમાં રેઈડ કરવામાં આવી હતી. રેઈડ દરમિયાન વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની કુલ ૭૯ બોટલો કિ.રૂ. ૨,૫૪,૪૩૫/- કબ્જે કરવામાં આવી હતી. આ મામલે આરોપી દિવ્યરાજસિંહ વિક્રમસિંહ જાડેજા ઉવ.૩૨ રહે. શીવપાર્ક સોસાયટી શેરી નં. ૩ ધરમપુર રોડ મોરબી-૨ મૂળ વતન ગુંદીયાળી તા. માંડવી જી. કચ્છ વાળાને ઝડપી લઈ તેના વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ધાંગધ્રા નજીક ગૌરક્ષકો અને પોલીસની સંયુક્ત કાર્યવાહી, કતલખાને લઈ જવાતા ૩૫ પાડા બચાવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

તા. ૧૮-૧૨ની વહેલી સવારે માળીયા રોડથી અમદાવાદ તરફ કતલ માટે ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જવાતા ૩૫ પાડાઓને ધાંગધ્રા નજીક મોરબી, ધ્રાંગધ્રાના ગૌરક્ષકો અને પોલીસની સંયુક્ત કાર્યવાહીથી બચાવી લેવામાં આવ્યા હતા. આઇસર વાહન સાથે એક આરોપીને ઝડપી ધાંગધ્રા પોલીસ સ્ટેશનમાં પશુ ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

મોરબી અને ધાંગધ્રા વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ મોરબી, અખિલ વિશ્વ ગૌસંવર્ધન પરિષદ દિલ્હી-ગુજરાત તથા હિન્દુ યુવા વાહિની ધાંગધ્રા ગૌરક્ષા સાથે સંકળાયેલા ગૌરક્ષકોને બાતમી મળી હતી કે કચ્છ તરફથી માળીયા થઈને અમદાવાદ બાજુ એક આઇસર વાહનમાં પશુઓને કતલ કરવાના ઇરાદે લઈ જવામાં આવી રહ્યા છે. મળેલી માહિતી મુજબ આઇસર ગાડી નં. જીજે-૦૬-એટી-૮૧૬૮ માં નાના મોટા પાડાઓને ક્રૂરતાપૂર્વક બાંધીને ભરવામાં આવ્યા હોવાની હકીકત સામે આવી હતી. આ બાતમીના આધારે મોરબી વિસ્તારના ગૌરક્ષકો વોચમાં બેઠા હતા. દરમિયાન માળીયા પાસેથી શંકાસ્પદ આઇસર ગાડી પસાર થતા તેનો પીછો કરી ધાંગધ્રા નજીક વાહનને રોકાવવામાં આવ્યું હતું. નજીકની પોલીસને જાણ કરતાં ધાંગધ્રા પોલીસના સહયોગથી વાહનની તપાસ કરવામાં આવી હતી.




તપાસ દરમિયાન વાહનમાં ૩૫ નાના મોટા પાડાઓ મળી આવ્યા હતા, જે તમામને અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધીને કતલ માટે લઈ જવાતા હોવાનું બહાર આવ્યું હતું.

વાહન ચાલકની પૂછપરછમાં તેની પાસે પશુ પરિવહન માટે કોઈપણ પ્રકારની પાસ પરમિટ ન હોવાનું અને કચ્છથી અમદાવાદ કતલખાને લઈ જવાના ઇરાદે પશુઓ ભર્યા હોવાનું તેણે સ્વીકાર્યું હતું. જેના આધારે પોલીસે આરોપીને ઝડપી લીધો હતો, આઇસર વાહન કબજે કરી તમામ ૩૫ પાડાઓને મુક્ત કરાવવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલે ધાંગધ્રા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પીપળી ગામે માનસધામ સહિત ચાર સોસાયટીમાં લાઈટ, પાણી, ગટર સુવિધા ન આપતા ૮ બિલ્ડરો સામે છેતરપિંડીની ફરિયાદ

## મોરબી તાલુકા પોલીસ દ્વારા બિલ્ડરો સામે ફરિયાદ લેવાતા, મોરબી પોલીસની કામગીરી અંગે ચોતરફથી પ્રશંસા




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના પીપળી ગામે આવેલી માનસધામ સહિતની ચાર સોસાયટીઓમાં જરૂરી પાયાની સુવિધાઓ આપવાની ખાતરી આપ્યા બાદ લાઈટ, પાણી અને ગટર જેવી મૂળભૂત સુવિધાઓ ન આપતા ૮ બિલ્ડરો સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. ફરીયાદ મુજબ રહેવાસીઓ સાથે વિશ્વાસઘાત કરી મકાન વેચાણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, મોરબી જીલ્લામાં આવી અનેકો સોસાયટીમાં બિલ્ડરો દ્વારા આવી છેતરપિંડી થયા અંગેના કેટલાય કિસ્સા સામે આવ્યા છે, પરંતુ હાલ પહેલી વખત બિલ્ડરો સામે પોલીસ ફરિયાદ લેવામાં આવી છે.

મોરબી તાલુકાના પીપળી ગામની માનસધામ સોસાયટીમાં રહેતા વિનોદભાઈ મોતીભાઈ પરમાર ઉવ.૪૪એ, બિલ્ડરો દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાવી છે. ફરીયાદ મુજબ માનસધામ સોસાયટી-૧માં કુલ ૪૫ મકાનો છે તેમજ માનસધામ૨૨, ગોકુલધામ અને ત્રિલોકધામ સોસાયટીઓ મળી આશરે ૩૦૦ જેટલા મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ તમામ સોસાયટીઓ બિલ્ડર મનીષભાઈ કાલરીયા, ચીંતનભાઈ ગામી, મીહીરસિંહ દિલીપસિંહ જાડેજા, રાજદીપ નીલેષભાઈ ગામી, જગદીશભાઈ એરવાડીયા, અંકિતભાઈ નેસડીયા, પ્રવિણભાઈ ગામી અને કિશોરભાઈ શેરશીયા દ્વારા બનાવવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. બિલ્ડરો દ્વારા મકાન વેચતી વખતે પાણી, લાઈટ, રોડ, ગટર, કોમન પ્લોટ સહિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપવામાં આવી હતી. જેથી ફરિયાદી વિનોદભાઈએ તા. ૯/૧૧/૨૦૨૦ના રોજ માનસધામ સોસાયટી-૧માં મકાન નં. ૦૯ રૂ. ૧૫.૨૧ લાખમાં રજિસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદ્યું હતું. સમય જતાં જ્યારે સોસાયટીમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ ન થઈ, ત્યારે રહીશો પીપળી ગામ પંચાયત પાસે રજુઆત કરવા ગયા હતા. જ્યાં પંચાયત દ્વારા જણાવવામાં આવ્યું કે સોસાયટીના પ્લોટોના દસ્તાવેજો ગામના નમૂના નં. ૨માં ચડાવ્યા ન હોવાથી પંચાયત તરફથી સુવિધા આપી શકાતી નથી.

પછી રહીશો બિલ્ડરો પાસે રજુઆત કરવા ગયા ત્યારે કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો ન હતો તેમજ દસ્તાવેજોની નકલો પણ આપવામાં આવી ન હતી. આરોપ મુજબ બિલ્ડરો દ્વારા મકાનના નામે પ્લોટના દસ્તાવેજ કરી આપીને રહેવાસીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવામાં આવી છે. આ સમગ્ર મામલે ફરીયાદીના આધારે આરોપી ૮ બિલ્ડરો સામે મોરબી તાલુકા પોલીસે આઈ.પી.સી. કલમ ૪૨૦ અને ૧૧૪ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરમાં વ્યાજની પઠાણી ઉઘરાણી કરી ખોટી ધમકીઓ આપતા બે વ્યાજખોર સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરમાં ખેડૂત યુવકને ધંધામાં ખોટ જતા રૂપિયાની જરૂરિયાત અન્વયે બે વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે કુલ ૧૧ લાખ રૂપિયા લીધા હતા, જેની સામે વ્યાજખોરોએ યુવકની કારનું નોટરી લખાણ કરાવી લીધું હતું. જ્યારે બીજીબાજુ યુવકે ૧૧ લાખના ૧૨.૭૦ લાખ ચૂકવી આપ્યા તો પણ વધુ રૂપિયાની લાલચે બન્ને વ્યાજખોર પઠાણી ઉઘરાણી કરી ખોટી ધમકીઓ આપતા હોય, જેથી ભોગ બનનાર યુવકે માનસિક ત્રાસથી કંટાળી બન્ને વ્યાજખોરો સામે વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ, લુણસરિયા ગામ તા.વાંકાનેરમાં રહેતા દિવ્યરાજસિંહ જાયેંદ્રસિંહ ઝાક ઉવ.૨૫ એ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી મહેશ્વરી મકવાણા અને આકાશ ગલાભાઈ પરમાર બન્ને રહે. મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી દિવ્યરાજસિંહને ધંધાન ખોટ જતા રૂપિયાની જરૂરિયાત હોય જેથી તેઓએ પ્રથમ આરોપી મહેશ્વરી મકવાણા પાસેથી ઊંચા વ્યાજે રૂ.૬ લાખ લીધા હતા ત્યારે બાદ ફરી રૂપિયાની જરૂરિયાત ઉભી થતા આરોપી મહેશ્વરી મકવાણાએ પોતાના મિત્ર આરોપી આકાશ પાસેથી રૂ.૫ લાખ વ્યાજે લેવડાવી આપ્યા હતા, જેની સામે દિવરાજસિંહની થાર ગાડીનું નોટરી લખાણ કરાવી તેની આરસી બુક વ્યાજખોરે પોતાની પાસે રાખી હતી. હાલ આજદિન સુધી ફરિયાદીએ બંને વ્યાજખોરોને ૧૧ લાખના બદલના રૂ.૧૨,૭૦૦૦/- ચૂકવી આપ્યા હોવા છતાં બન્ને વ્યાજખોર અવારનવાર વ્યાજની ઉઘરાણી કરવા બેફામ ગાળો આપી અને ખોટી ધમકીઓ આપતા હતા. ત્યારે દિવ્યરાજસિંહની ફરિયાદને આધારે વાંકાનેર સીટી પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ નાણા ધીરધાર અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગર : ભારતીય જનતા પાર્ટીના મીડીયા કન્વીનર ભાર્ગવ ઠાકરનો આજે જન્મદિવસ




જામનગર મહાનગર ભારતીય જનતા પાર્ટીના મીડીયા કન્વીનર ભાર્ગવ ઠાકરનો આજે જન્મ દિવસ છે તેઓ આંતરરાષ્ટ્રીય સંસ્થા ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી જામનગર શાખામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટીની સુકાન સંભાળી રહ્યા છે, તેમજ યુવાન વયમાં પરીપક્વતા સમાન તેમનો વ્યવહાર પ્રશંસનીય રહ્યો છે. ઈન્ફોર્મેશન-ટેકનોલોજીના સફળ અને એક્સપર્ટ વ્યવસાયીક હોવાની સાથે સામાજિક ક્ષેત્રે પણ તેઓ અગ્રેસર રહ્યા છે ખાસ કરીને રાજકીય ક્ષેત્રમાં, ભાજપના જે શિસ્તબદ્ધતા, રાષ્ટ્રપ્રેમ સહિતના નિષ્ઠા સભર સિદ્ધાંતો છે તેમને તેઓ સમર્પિત રહ્યા છે. વિશેષ રૂપે જનસેવા અને વ્યાપક જન સમુદાયના જાહેર પ્રશ્નો અંગે હંમેશા સક્રિય રહેવા ઉપરાંત સોશ્યલ મીડિયા થકી જાગૃતતા પણ સર્ક્યુલેટ કરતા રહીને આ માધ્યમથી પણ લોકો સાથેનો સંપર્ક જાળવી નોંધપાત્ર રીતે પરિણામલક્ષી જહેમત ઉઠાવતા રહે છે. એટલે જ તેઓને એક ઓલ રાઉન્ડર વ્યક્તિત્વ ગણાવ્યા છે જેઓ (સફળ વ્યવસાયિક, સમાજસેવક તેમજ રાજકીય વ્યતિત્વ નીવડ્યા છે) કોરોના જેવા કપરાકાળ હોય કે વાવાઝોડા, પુર, દુર્ઘટના જેવી આપત્તિના સમયે તેઓ લોકહિતમાં જરૂરી સંકલન સાધતા હોય છે જે લોકો માટે રાહતરૂપ બને છે. રાજકીય મહાનુભાવો, હોદ્દેદારો, જન પ્રતિનિધિઓ પાસેથી હંમેશા માર્ગદર્શન મેળવતા રહેતા ભાર્ગવ ઠાકર અધિકારીઓ-કર્મચારીઓમાં પણ ચાહના ધરાવે છે. સંગીત, શિક્ષણ, સંસ્કૃતિ, પરંપરા, સ્પોર્ટસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, અર્થતંત્ર, વિકાસ, પ્રવાસ વગેરે ક્ષેત્રમાં કંઈને કંઈ પ્રદાન કરતા રહે છે સ્વયં જાગૃત રહી સંપર્કમાં રહેનાર સૌ ને જાગૃત રાખવાની વિશેષતા ધરાવતા ભાર્ગવ ઠાકરને તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવે છે. તેમના મો. ૯૭૨૭૩૯૬૬૬૦ છે.

# પંજાબમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીની પ્રચંડ જીતની મોરબી જીલ્લા આપ દ્વારા ઉજવણી





**મુખ્ય સમાચાર, મોરબી**

પંજાબમાં તાલુકા અને જીલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ૭૦ ટકાથી વધુ સીટો પર વિજય મેળવી આમ આદમી પાર્ટીએ પ્રચંડ બહુમતી હાંસલ કરતા મોરબી જીલ્લામાં આપના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચી ઉજવણી કરી હતી.

પંજાબ રાજ્યમાં યોજાયેલ સ્થાનિક સ્વર-ાજ્યની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીએ તાલુકા પંચાયત તથા જીલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ૭૦ ટકાથી વધુ સીટો પર વિજય મેળવી ભવ્ય બહુમતી સાથે જીત મેળવી છે. આ વિજયની ખુશીમાં મોરબી જીલ્લા આમ આદમી પાર્ટીના હોદેદારો અને કાર્યકર્તાઓ દ્વારા ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી એકબીજાને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ પ્રસંગે આમ આદમી પાર્ટીના આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પંજાબમાં મળેલી આ પ્રચંડ જીત એ આમ આદમી પાર્ટીની ''કામની રાજનીતિ''ની જીત છે. પંજાબના લોકોએ છેલ્લા ચાર વર્ષ દરમિયાન આમ આદમી પાર્ટી સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કાર્યો, સુશાસન અને લોકહિતના નિર્ણયો પર વિશ્વાસ મૂકી પ્રચંડ સમર્થન આપ્યું છે. સાથે જ ખોટા વાયદા કરનાર પક્ષોને લોકોએ નકારી કાઢ્યા છે. આગેવાનોનું વધુમાં કહેવું હતું કે, આવી જ રીતે ગુજરાતમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જેવી કે તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત, નગરપાલિકા તેમજ મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં પણ લોકો આમ આદમી પાર્ટીની કામની રાજનીતિને સ્વીકારશે અને પ્રચંડ બહુમતી આપશે એવો અમને પૂર્ણ વિશ્વાસ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# બેડી ચોકડી પાસે આઈસરમાં પસ્તીની આડમાં છુપાવેલો રૂ.૧૮.૭૨ લાખના દારૂ સાથે બે પકડાયા



### દારૂ મોકલનાર અને રાજકોટના બુટલેગરની શોધખોળ: રૂ.૨૮.૮૨ લાખની મતા કબજે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ક્રાઈમ બ્રાંચે બેડી ચોકડી પાસે વોચ ગોઠવી આઈસરમાં પસ્તીની આડમાં છુપાવેલા વિદેશી દારૂના જથ્થા સાથે નડિયાદના બે શખસોને ઝડપી લઈ તેની પાસેથી રૂ.૧૮.૭૨ લાખનો દારૂ સહિત ૨૮.૮૨ લાખની મતા કબજે કરી પુછપરછ કરતા તેણે આ આઈ સર ચોટીલા પાસેથી આપ્યું હોવાનું તેમજ આ દારુનો જથ્થો દમણના શખ્સે રાજકોટના બુટલેગરને પહોંચાડવાનું બહાર આવતા પોલીસે વધુ બે શખસોને ઝડપી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ, ચોટીલા બાજુથી આઇસરમાં વિદેશી દારૂનો જથ્થો આવતો હોવાની માહિતીના આધારે ક્રાઈમ બ્રાંચના પીઆઈ ગોંડલીયા તેમજ પીએસઆઈ ડોડીયા સહિતના સ્ટાફે બેડી ચોકડી પાસે વોચ ગોઠવી શંકાસ્પદ હાલતમાં નીકળેલા આઇસરને અટકાવી તપાસ કરી હતી. જેમાં પસ્તીની આડમાં છુપાવેલો રૂ.૧૮.૭૨ લાખની કિંમતનો ૬ હજાર બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે આઈસર ચાલક ધર્મેન્દ્ર ગોપલભાઈ ઠાકોર અને મોહન હરજી ભીલની ધરપકડ કરી પુછપરછ હાથ ધરી હતી. પોલીસની પુછપરછમાં ખેડા જિલ્લાના નડિયાદમાં રહેતા ધર્મેન્દ્રને વિશાલસિંઘ રાજપુત નામનો શખસ ચોટીલા પાસે દારૂ ભરેલો આઇસર તેણે આપ્યું હતું અને આ દારૂ ભરેલો આઈસર રાજકોટના બુટલેગર કેતન રાઠોડને ડીલેવરી કરવાનું જણાવતા તે કેતન રાઠોડને આપવા માટે આવતા હતા અને પકડાયા હોવાનું રટણ કરતા પોલીસે તેણી પાસેથી વિદેશી દારૂ, આઇસર તેમજ મોબાઇલ સહિત ૮૮ લાખની મતા કબજે કરી વિશાલસિંઘ અને રાજકોટના બુટલેગર કેતન રાઠોડને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# સોરઠીયાવાડી સર્કલ પાસે દરગાહના ગ્રાઉન્ડમાં બેગની દુકાનમાં આગ ભભૂકી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના સોરઠીયાવાડી સર્કલ પાસે દરગાહના ગ્રાઉન્ડમાં આવેલી બેગની દુકાનમાં ગતરાત્રે અચાનક આગ ફાટી નીકળી હતી જે બાદ તુરંત ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા કોઠારીયા ફાયર સ્ટેશનથી કાફલો ત્યાં પહોંચી ગયો હતો જોકે એક કલાક સુધી પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો. બેગની એક દુકાનમાં આગ લાગ્યા બાદ તે આગ બીજી દુકાનમાં પ્રસરી ગઈ હતી અને તેના લીધે બંને દુકાનોમાં રૂ. ૧૭ લાખનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. જોકે આ કયા કારણોથી લાગી તે હજુ સુધી સામે આવ્યુ નથી.

પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના સોરઠીયાવાડી સર્કલ પાસે નટરાજ પેટ્રોલ પંપની બાજુમાં બેગની દુકાનમાં ગુરુવારે રાત્રે આગ ફાટી નીકળી હતી. જે અંગે ફાયર બ્રિગેડમાં ફોન કરવામાં આવતા કોઠારીયા ફાયર સ્ટેશનથી સ્ટાફ ત્યાં પહોંચી ગયો હતો. જ્યાં સતત એક કલાક સુધી પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો. એક દુકાનમાં લાગેલી એક બીજી દુકાનમાં પ્રસરી ગઈ હતી જેને કારણે ફાયર બ્રિગેડના સ્ટાફને આગ બુઝાવવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

આગને કારણે બંને દુકાનોમાં બેગ નો સામાન, બેગની અલગ અલગ વેરાઈટી અને બ્લેન્કેટ આગમાં બળીને ખાખ થઈ ગયા હતા. જેને લીધે અંદાજે ૧૫ થી ૧૭ લાખનું નુકસાન થયું હોવાનું દુકાન માલિકોનું કહેવું છે. આ બંને દુકાનો દરગાહના ગ્રાઉન્ડમાં આવેલી હોવાનું જાણવા મળ્યું છે. રાત્રે એક વાગ્યે આગ લાગી હોવાથી દુકાન બંધ હતી. જો દુકાન ધમધમતી હોત તો જાનહાનિ થવાની શક્યતા ચોક્કસ હતી.

# સરપદડમાં તંત્ર, સ્થાનિક આગેવાનોના ત્રાસથી દંપતીનો આપઘાતનો પ્રયાસ

### સ્યુસાઇડ નોટમાં મામલતદાર સહિત ૭ના નામઃ દુકાન નહીં હટાવો તો મકાન પાડી નાખીશું' તેવી ધમકી મળ્યાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીના સરપદડ ગામે વહીવટી તંત્રના ભેદભાવભર્યા વલણ અને સ્થાનિક રાજકીય દબાણથી કંટાળી એક દંપતીએ ઝેરી દવા પી જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. બસ સ્ટેન્ડ પાસે આવેલી પોતાની રોજગારીની દુકાન હટાવવા માટે મામલતદાર અને સરપંચ સહિતના શખ્સો દ્વારા અવારનવાર અપાતી ધમકીઓથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હાલ દંપતી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સરપદડ ગામે રહેતા રાજેશભાઈ છગનભાઈ સનુરા (ઉ.વ. ૪૩) અને તેમના પત્ની દક્ષાબેન (ઉ.વ. ૪૨) ગત રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા, ત્યારે ઝેરી દવા પી લીધી હતી. હાલત બગડતા તાત્કાલિક પડધરી અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં પડધરી પોલીસનો કાફલો રાજકોટ સિવિલ દોડી આવ્યો હતો. અને પીડિત યુવક પાસેથી મળી આવેલી એક સ્યુસાઈડ નોટ કબજે કરી તપાસનો ધમધમાટ તેજ કર્યો હતો. યુવકે સ્યુસાઈડ નોટમાં આક્ષેપ કર્યો છે કે, બસ સ્ટેન્ડ પાસે આવેલી તેની ચાની દુકાન અગાઉ તંત્રએ તોડી પાડતા તેને ૫ લાખનું નુકસાન થયું હતું. ત્યારબાદ સમાજના સહયોગથી ફરી દુકાન ઊભી કરી હતી. ગામમાં અન્ય ૭૧ લોકોને દબાણ હટાવવાની નોટિસ મળી હોવા છતાં, માત્ર તેની દુકાન પર જ તરાપ મારવા માટે તંત્ર પર દબાણ કરવામાં આવી રહ્યું હતું. તંત્ર દ્વારા અન્ય દબાણો પ્રત્યે આંખ આડા કાન કરીને માત્ર એક જ પરિવારને નિશાન બનાવવામાં આવતા હોવાનો ગંભીર આક્ષેપ દંપતીએ કર્યો છે. સ્યુસાઇડ નોટમાં પડધરી મામલતદાર, સરપંચ બાબુભાઈ, પૂર્વ સરપંચ પરસોત્તમ પટેલ, અલ્પેશ રૂપારેલિયા, રજનીભાઈ રૂપારેલિયા, નિલેશ ધ્રાંગિયા, બેચર રાતડિયા અને બિપિન ધ્રાંગિયા સામે નામજોગ આક્ષેપો કરવામાં આવ્યા છે. યુવકના જણાવ્યા મુજબ, મામલતદારની ગાડીમાં આ શખ્સોએ ઘરે આવી ધમકી આપી હતી કે જો દુકાન નહીં હટાવો તો રહેણાંક મકાન પણ પાડી નાખીશું. અંતમાં દંપતીએ ''અમારા છોકરાઓને ન્યાય અપાવજો તેવી વિનંતી કરી છે. પડધરી પોલીસે સ્યુસાઇડ નોટના આધારે તપાસ શરૂ કરી છે.

# મોબાઈલ અપાવવાના બહાને યુવક સાથે ૯૩ હજારની છેતરપિંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ક્રેડિટ કાર્ડ સ્વેપિંગનું કામ કરતા યુવકને મોબાઈલ આપવાનું કહીને શખસે ૯૩ હજારની છેતરપિડી આચરી હતી. ફેસબુક પરથી નંબર મેળવી અજાણ્યા શખ્સે મોબાઈલની દુકાનદાર હોવાની ખોટી ઓળખ આપી આ ગુનાને અંજામ આપ્યો હતો.

રૈયા રોડ શ્યામા પ્રસાદ મુખરજી ટાઉનશીપમાં રહેતા નિકુંજ જગદીશભાઈ ખંધડિયા (ઉંમર ૩૪) નામના યુવકે યુનિવર્સિટી પોલીસ મથકમાં આરોપી તરીકે જયેશ ઉર્ફે જયદીપ વિઠ્ઠલભાઈ ઝાલા (રહે. ચિત્રકૂટ મેઈન રોડ, ચિત્રકૂટ એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં ૨૦૨) સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, પોતે ક્રેડિટ કાર્ડ સ્વેપિગનો વ્યવસાય કરે છે. ગત તા. ૧૬/૧૧ ના તેમના પર દીપભાઈ નામના વ્યક્તિનો ફોન આવ્યો હતો. તેણે જણાવ્યું કે મારી શાપરમાં મોબાઈલની દુકાન છે અને આણંદના એક ગ્રાહક પાર્થભાઈને મોબાઈલ લેવો હોય તેમના ક્રેડિટ કાર્ડમાંથી પૈસા ઉપાડવાના છે. વેપારીએ વિશ્વાસમાં આવી પાર્થના કાર્ડમાંથી ત્રણ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ ૯૩,૯૭૮ ઉપાડયા હતા. જે બાદ ૯૧,૩૮૭ વેપારીએ દીપના કહેવા મુજબ ફિનો પેમેન્ટ બેંકના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. જોકે, બે દિવસ બાદ કંપનીએ વેપારીને જાણ કરી કે આ ટ્રાન્ઝેક્શન ફ્રોડ હોવાથી તેમના એકાઉન્ટમાંથી ૯૪,૦૦૦ હોલ્ડ કરી લેવાયા છે. દીપએ આણંદના પાર્થને પણ મોબાઈલ આપવાની લાલચ આપી છેતરીને તેમનો ઓટીપી મેળવી લીધો હતો. આમ, ગઠીયાએ વેપારી પાસે સ્વેપિગ કરાવી પૈસા પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈન્ડિયન બેન્કમાંથી બે આસિસ્ટન્ટ મેનેજર રૂા.૫૪.૨૯ લાખનું સોનુ ઓળવી ગયા

### વણિક દંપતિએ ગીરવે મુકેલા ઘરેણા બારોબાર 'ગાયબ' કરી નાખતા પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભક્તિનગર સ્ટેશન પ્લોટ શેરી નં.૧માં સમૃદ્ધિ ભવનની સામે આવેલી ઈન્ડિયન બેન્કમાંથી એક મહિલા અને એક પુરુષ એમ બે આસિસ્ટન્ટ મેનેજર ૫૪.૨૯ લાખનું સોનુ ઓળવી ગયાની ફરિયાદ નોંધાતાં બેન્કીંગ ક્ષેત્રમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો.

આ અંગે બેન્કના આસિસ્ટન્ટ જનરલ મેનેજર ઘનશ્યામકુમાર વિનોદાનંદ ઝા (ઉ.વ.૪૮)એ એ-ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેમને ત્યાં શ્રુતિ દિવાકર શખારે (રહે.મનહર પ્લોટ શેરી નં.૧૧/૧૫ના ખૂણે લક્ષ્મીનારાયણ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૨૦૧) અને વિષ્ણુ નારાયણ વાસુદેવ ઈલાયથ (રહે.ઉલ્લાસનગર-મુંબઈ) આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. આ પૈકી વિષ્ણુ નારાયણની બદલી ચેન્નાઈ કરવામાં આવી હતી.

દરમિયાન ૧૮ જાન્યુઆરીએ બેન્કમાં ઝોનલ ઓફિસ ખાતેથી પંકજ મીણા આવ્યા હતા અને બેન્કનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ વેળાએ તમામ ડોક્યુમેન્ટ અને રોકડ તેમજ સોનુ બરાબર હોવાનું ધ્યાન પર આવ્યું હતું. ત્યારપછી ૧૭ એપ્રિલે ફરી ઈન્સ્પેક્શન આવ્યું જે કાર્યવાહી દરમિયાન ગરબડ થયાનું ખુલતાં શ્રુતિ સખારે અને વિષ્ણુ એલાયથની પૂછપરછ કરવામાં આવી હતી. એ સમયે શ્રુતિએ કહ્યું હતું કે મારી ચાવી કોઈએ લીધી હશે તેની મને ખબર નથી. બાદમાં શ્રુતિ ૩૧ જાન્યુઆરીથી ૧૬ ફેબ્રુઆરી સુધી રજા ઉપર ચાલ્યા ગયા હતા અને ચાર્જ તેમજ ચાવી વિષ્ણુને આપી ગયા હતા. વિષ્ણુની પૂછપરછ કરતા તેણે પણ સોનુ ગાયબ થઈ ગયા અંગે પોતાને કશી ખબર ન હોવાનો જવાબ આપ્યો હતો. એકંદરે આ બન્ને દ્વારા જ સત્તાની રૂએ પોતાને મળેલી ચાવીનો ઉપયોગ કરી લોકર ખોલી નાખવામાં આવ્યું હતું અને તેમાંથી સોનાના બે પાર્સલ લઈ લેવામાં આવ્યાનું ખુલતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

જે ઘરેણા ગાયબ થયા છે તે સંગીતાબેન શ્યામભાઈ શાહ અને શ્યામભાઈ મધુભાઈ શાહે ગીરવે મુકી ૪૩.૧૬ લાખ રૂપિયાની લોન લીધી હોવાનું જાણવા મળ્યું હતું જ્યારે આ પરેણાની બજાર કિંમત ૬૪.૨૯ લાખ આંકવામાં આવી છે.

# જંગલેશ્વરમાં એકસાથે અનેક મકાન પર ફેરવી દેવાશે બુલડોઝર

### ૮૦ કરોડની જમીન ઉપર છેલ્લા ૩૦ વર્ષથી રહેણાક-કોમર્શિયલ બાંધકામ ખડકાઇ ગયા હોય પોલીસને સાથે રાખી મામલતદાર અને ટીમ ત્રાટક્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જંગલેશ્વરમાં ટૂંક સમયમાં જ મહાપાલિકા અને કલેક્ટર એમ બન્ને તંત્રના બુલડોઝર એક નહીં બલ્કે અનેક મકાન ઉપર ફરી વળનાર હોવાનું જાણવા મળી રહ્યું છે. અહીં ૮૦ કરોડની કિંમતી જમીન ઉપર છેલ્લા ત્રીસેક વર્ષથી રહેણાક તેમજ કોમર્શિયલ બાંધકામ ખડકાઈ ગયા હોય કલેક્ટર તંત્ર દ્વારા આ દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરાવવાની દિશામાં કાર્યવાહી આરંભાઈ છે.

ગુરૂવારે ઈસ્ટ ઝોનના મામલતદાર નિલેશ અજમેરા સહિતની ટીમે ભક્તિનગર પોલીસ મથકના સ્ટાફને સાથે રાખી દબાણકર્તાઓના ઘેર જઈ જઈને નોટિસ ફટકારી હતી. આ અંગે મામલતદારે જણાવ્યું કે જ્યાં આ દબાણ થયા છે તે ટાઉન પ્લાનિંગ સ્કીમ નં.૬ના પ્લોટ નં.૧૫૯ ઉપર છેલ્લા ૩૦ વર્ષથી ગેરકાયદેસર કબજો કરી બાંધકામ કરી લેવામાં આવ્યું છે. હાલ તમામ દબાણકર્તાઓને કલમ ૫૯-૧ મુજબની નોટિસ આપવામાં આવી છે અને ૨૯ ડિસેમ્બરે તમામને રૂબરૂ સાંભળવામાં આવશે.

આ પછી જેમના-જેમના દબાણ ગેરકાયદેસર જણાશે અને પૂરતા પૂરાવા આપી શકવામાં નિષ્ફળ નિવડશે તેના દબાણ તોડી પાડવામાં આવશે. આ કાર્યવાહી કલેક્ટર તંત્ર દ્વારા કરવામાં આવનાર છે જ્યારે મહાપાલિકા દ્વારા પણ તેના હસ્તકની જમીન ઉપર ખડકાયેલા દબાણને દૂર કરવા માટેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. એકંદરે આવનારા દિવસમાં આ મુદ્દો જોર પકડે અને ભારે વિરોધ થાય તેવી શક્યતા પણ સેવાઈ રહી છે. નોટિસ આપતી વખતે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હોવાને કારણે કોઈ અનિચ્છની બનાવ બન્યો ન્હોતો આમ છતાં જંગલેશ્વરમાં ટોળાં એકઠા થઈ જવા પામ્યા હતા.

# સુરેન્દ્રનગર પંથકમાં SMCએ ત્રણ-ત્રણ વખત દારૂ પકડતા એલસીબી પીઆઇ સસ્પેન્ડ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા સુરેન્દ્રનગર પંથકમાં ટૂંકા ગાળામાં જ ત્રણ-ત્રણ વખત દારૂનો મસમોટો જથ્થો પકડી પાડતાં તેના ઘેરા પ્રત્યાઘાત છેક ગાંધીનગર સુધી પડયા હતા. આ પછી રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા એલસીબી પીઆઈને સસ્પેન્ડ કરવા ઉપરાંત ટીમનું વિસર્જન કરી કરી નાખતાં પોલીસબેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા ચોટીલા સહિતના સ્થળે એક બાદ એક દરોડા પાડી દારૂ ભરેલા ટ્રક પકડવામાં આવ્યા હતા. ત્રણેય રેડમાં પઝેશન રેડ મતલબ કે હોટલ સહિતની જગ્યાએ ટ્રક પડેલો હોવા છતાં સ્થાનિક પોલીસ ઉપરાંત લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) કે જેનું નેટવર્ક અત્યંત મજબૂત હોય છે તેના ધ્યાન ઉપર પણ દારૂનો આટલો મોટો જથ્થો આવ્યો ન્હોતો. આ મુદ્દાની ગાંધીનગર સ્તરે ખૂબ જ ગંભીરતાપૂર્વક નોંધ લેવાયા બાદ એલસીબીની બેદરકારી હોવાનું ધ્યાન પર આવતા જ રેન્જ આઈજી દ્વારા એલસીબી પીઆઈ જે. જે. જાડેજાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા સાથે સાથે એલસીબીની એલસીબીની ટીમનું પણ વિસર્જન કરવામાં આવ્યું હતું. અત્રે ઉઠલ્લેખનીય છે કે થોડા મહિનાઓ અગાઉ સુરેન્દ્રનગર પંથકમાં સ્ટેટ મોનિટરિંગ સેલના દારૂ અને જુગારના અડ્ડાઓ ઉપર દરોડા અને જુગારના અ પડતા અનેક કર્મીએ સસ્પેન્ડ થવાનો સમય આવ્યો હતો.

આ પછી આઈપીએસ અધિકારીઓની બદલીના હુકમ થયા બાદ કડક અધિકારીની છાપ ધરાવતા પ્રેમસુખ ડેલુની ડેખ્ સુરેન્દ્રનગર એસપી તરીકે નિમણૂક થઈ હતી આમ છતાં એલસીબી જેવી મહત્ત્વની બ્રાન્ચ દ્વારા દારૂની પૂસણખોરીની દિશામાં કોઈ જ કડક કાર્યવાહી ન કરવામાં આવતા આખરે રેન્જ આઈજી દ્વારા આકરો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ગોંડલના ભરૂડી ટોલનાકા નજીક એલસીબી કચેરી પાછળ બિહારી યુવાનની હત્યા

### એક મહિના અગાઉ જ રોજીરોટી રળવા આવ્યો હતોઃ છરીના ઘા મારી ઢીમઢાળી દીધુંઃ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ પંથક માં ગત રાત્રીનાં પરપ્રાંતિય યુવાન ની હત્યાની ઘટના સામે આવી છે.હત્યારા એ બહેરમી પુર્વક છરીનાં આડેધડ ઘા મારી ક્રુરતા પૂર્વક હત્યા નિપજાવી હતી.યુવાન નાં પેટ નાં આંતરડા પણ બહાર નીકળી ગયા હતા.બનાવ નાં પગલે એલસીબી,તાલુકા પોલીસ તથા કોટડાસાંગાણી પોલીસ નો કાફલો ઘટના સ્થળે દોડી આવી યુવાન નાં મૃતદેહ ને ગોંડલ સિવિલ હોસ્પિટલ માં ખસેડી તપાસ હાથ ધરી હતી.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ગત રાત્રીના સાડા દસ નાં સુમારે એલસીબી પોલીસ સ્ટેશન ની પાછળ રિબડા સડક પીપળીયા સીમ વિસ્તાર ની અવાવરુ જગ્યા માં હત્યા કરાયેલ હાલતમાં યુવાનની લાશ પડી હોવાની જાણ ગોંડલ શિવમ સાર્વજનિક ટ્રસ્ટ ને થતા ટ્રસ્ટ નાં દિનેશભાઈ માધડ, જયભાઈ માધડ સહિત ની ટીમ એમ્બ્યુલન્સ સાથે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહ ને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડયો હતો.દરમિયાન પોલીસ ને જાણ થતા એલસીબી પીઆઈ ઓડેદરા, તાલુકા પીઆઈ ડોડીયા, કોટડાસાંગાણી પીઆઈ રાઠોડ સહિત નો પોલીસ કાફલો સિવિલ હોસ્પિટલ ધસી જઈ મૃતક યુવાન ની ઓળખ માટે તજવીજ હાથ ધરતા મૃતક મુળ બિહાર નાં થાણા કુનેની જી.બાકા અને હાલ પારડી રહેતા ચંદનકુમાર અમરજીત રાય ઉ.આશરે ૨૬ વર્ષ. હોવાનું બહાર આવ્યું હતુ.અને પારડી ફેકટરી માં કામ કરતો હોવા નું જાણવાં મળેલ હતું.

અજાણ્યા હત્યારા એ બન્ને સાથળ તથા પેટના ભાગે છરીનાં ઘા મારી અને માથાનાં ભાગે બોથડ પદાર્થ મારી હત્યા નીપજાવી હતી. મૃતક બિહાર થી એક મહીના પહેલા અહીં આવી કામે લાગ્યો હતો. મૃતક અપરણીત હતો. અને પરીવાર માં માતા પિતા અને ત્રણ બહેનો બિહાર વતન માં રહેતા હોવાનું જાણવા મળ્યુ હતો.મૃતક યુવક એકલો જ રહેતો હોય તેના વિશેની માહીતી મેળવવા પોલીસે કવાયત હાથ ધરી છે.

બિહારી યુવાન ની કોણે અને કયા કારણોસર હત્યા કરી તથા હત્યા કરનાર એક હતો કે એક થી વધુ અંગે તાલુકા પીઆઇ વી.એમ.ડોડીયા એ તપાસ હાથ ધરી પારડી પાસેનાં પરપ્રાંતિય મજુરોની પુછપરછ હાથ ધરી છે.

# દિપક સોસાયટીમાં જૈન દેરાસર પાસે ચાલુ રીક્ષાએ હાર્ટએટેક આવતા ચાલકનું ઘટના સ્થળે મોત

### રોડ પર એક્ટિવા પર બેઠેલા યુવાનને અડફેટે લઇ રીક્ષા ટેલીફોનના થાંભલા સાથે અથડાઇ, ૧૦૮ને જાણ કરાતા ઇન્ચાર્જ ડોકટરે પ્રૌઢને મૃત જાહેર કર્યાઃ એક મહિના બાદ મૃતકના એકના એક પુત્રના લગ્ન હોય તે પૂર્વે પ્રૌઢનું અવસાન થતા પરિવારમાં માતમ છવાયો








મૃતક પ્રૌઢ



ઈજાગ્રસ્ત યુવાન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયા રોડ પર કનૈયા ચોક પાસે આવેલ દિપક સોસાયટીમાં આજે સવારે રોડ પરથી રીક્ષા લઇ પસાર થતા મુસ્લીમ પ્રૌઢને હૃદય રોગનો હુમલો આવતા એક્ટિવાના ચાલકને અડફેટે લઇ રીક્ષા ટેલીફોનના થાંભલા સાથે અથડાયા બાદ પ્રૌઢનું બેભાન હાલતમાં રીક્ષામાં જ મોત નિપજયુ હતું. બનાવ અંગેની જાણ પોલીસને કરવામાં આવતા પીસીઆર વાન અને ૧૦૮નો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી પ્રાથમીક તપાસ હાથ ધરી હતી.

આ બનાવની હકિકત એવી છે કે, ગાંધીગ્રામ શેરી નં.૭/૯ના કોર્નર પર રહેતા સાલમબીનભાઇ સુલેમાનભાઇ કથીરી (ઉ.વ.૪૮) નામના પ્રૌઢ આજે સવારે પોતાની રીક્ષા નં.જીજે૦૩બીવી૭૦૭૪ નંબરની લઇ જઇ રહ્યા હતા ત્યારે રૈયા રોડ પર આવેલ કનૈયા ચોક પાસે દિપક સોસાયટીના રોડ પરથી પસાર થઇ રહ્યા હતા તે દરમ્યાન તેઓને ચાલુ રીક્ષાએ હાર્ટએટેક આવતા સ્ટેરીંગ પર કાબુ ગુમાવી દીધુ હતુ અને રસ્તા પર એક્ટિવા નંબર જીજે૦૩એફઆર૫૫૩૧ નંબરનું લઇને ઉભેલા ચાલક આકાશ કમલેશભાઇ ખગરા (રહે.ગાંધીગ્રામ શેરી નં.૧)ને હડફેટે લીધો હતો. ત્યારબાદ રીક્ષા શેરીમાં આવેલા ટેલીફોનના થાંભલા સાથે ધડાકા ભેર અથડાઇ હતી અને રીક્ષાના ચાલક સાલમભાઇ આરમને માથાના ભાગે કાચ વાગ્યા હોય તેઓ રીક્ષાના પાછળના ભાગે સીટ પર બેભાન થઇ ગયા હતા. આ ઘટના બાદ એક્ટિવા ચાલકના પિતા કમલેશભાઇએ શહેર પોલીસ કંટ્રોલ રૂમને આ બનાવ અંગે જાણ કરતા ૧૧૨ પીસીઆર વાનના ઇન્ચાર્જ અંજલીબેન સોસા અને પાયલોટ સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા ત્યારબાદ રૈયા રોડ રામાપીર ચોકડી લોકેશનની ૧૦૮ને જાણ કરાતા ઇએમટી ઇન્ચાર્જ ડો.સંજનાબેન પરમાર અને પાયલોટ સાગર રામાવત સહિતનો કાફલો દોડી આવ્યો હતો. ઇએમટી ડોકટરે પ્રાથમીક તપાસ કરતા રીક્ષા ચાલક સાલમબીનભાઇ સુલેમાનભાઇ કથીરીનું બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ જોઇ તપાસી મૃતક જાહેર કર્યા હતા.

હાર્ટએટેકના કારણે મૃત્યુ પામેલા સાલમભાઇ ત્રણ ભાઇમાં મોટા હતા અને એક મહિના બાદ તેના એકના એક પુત્રના લગ્ન હોય તે પૂર્વે પ્રૌઢનું મોત થતા પરિવારમાં માતમ છવાઇ ગયો હતો.